For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 35 | Saturday 4 May 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**



**Gadgets ગુરૂ** પેનોરેમિક સનરૂફ સાથેની ભારતની પ્રથમ મહિન્દ્રા... 4

અત્યારસુધી કોઈ મહિલાને ટિકિટ નહીં, અમદાવાદ વેસ્ટ બેઠક પર 3 ટર્મથી BJP 7



શ્રદ્ધા કપૂર અને બોયફ્રેન્ડ રાહુલ મોદી સહ નિર્માતા બનશે... 10



# દુબઈ શહેરમાં બની રહ્યું છે દુનિયાનું સૌથી મોટું એરપોર્ટ

## UAE રૂપિયા 2.92 લાખ કરોડ ખર્ચ કરશે, એકસાથે પાંચ રન-વે પર આવશે વિમાન

■ દુબઈ

UAEના દુબઈમાં વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ બનવા જઈ રહ્યું છે. અલજઝીરા અનુસાર, તેને બનાવવામાં 35 અબજ ડોલર એટલે કે લગભગ 2.6 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. દુબઈના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તુમે પોતે સોશિયલ મીડિયા પર આ માહિતી જણાવી હતી. તેમણે કહ્યું કે નવું એરપોર્ટ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ કરતાં 5 ગણું મોટું હશે. અહીંથી દર વર્ષે 26 કરોડ મુસાફરો યાત્રા કરશે. આ પ્રોજેક્ટ દુબઈના અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટથી શરૂ થશે. અહીં 5 પેરેલલ રનવે હશે એટલે કે એક સાથે 5 પ્લેન અહીંથી ઉડી શકશે અથવા લેન્ડ કરી શકશે. આ સિવાય એરપોર્ટ પર 400 ટર્મિનલ ગેટ હશે.

### અલ મકતુમ એરપોર્ટ 10 વર્ષમાં તૈયાર થઈ જશે, ડિઝાઈનને મંજૂરી



વડાપ્રધાને કહ્યું કે નવા એરપોર્ટની ડિઝાઈનને મંજૂરી મળી ગઈ છે. આ એરપોર્ટનો કુલ વિસ્તાર 70 ચોરસ કિમી હશે. આગામી 10 વર્ષમાં તેને બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટની કામગીરીને નવા અલ મકતુમ એરપોર્ટ પર ટ્રાન્સફર કરવામાં આવશે.

### શું હશે આ એરપોર્ટની વિશેષતા?

- અલ મક્તૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટ વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ હશે.
- આ એરપોર્ટની ક્ષમતા 26 કરોડ મુસાફરોની હશે. તે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ કરતા પાંચ ગણું મોટું હશે.
- આગામી વર્ષોમાં દુબઈ એરપોર્ટ પરની તમામ કામગીરી અલ મક્તૂમ એરપોટમાં શિફ્ટ કરવામાં આવશે.
- અલ-મક્તૂમ એરપોર્ટમાં 400 ટર્મિનલ ગેટ અને પાંચ રનવે પણ સામેલ હશે.
- સાઉથ દુબઈમાં એરપોર્ટની આસપાસ આખું શહેર બનાવવામાં આવશે.
- આ પ્રોજેક્ટ સાથે 10 લાખ લોકો માટે હાઉસિંગ પ્રોજેક્ટનું કામ પણ થશે.

વધુ અહેવાલ અંદરના પાને...

### નવા એરપોર્ટથી મુસાફરોને શું ફાયદો?

દુબઈ એરપોર્ટની ગણતરી વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટમાં થાય છે. તેમજ વર્ષ 2022માં દુબઈ એરપોર્ટનો ઉપયોગ 66 મિલિયન મુસાફરો દ્વારા કરવામાં આવ્યો હતો. દુબઈની સરકારી એરલાઈન અમીરાતના ચેરમેન શેખ અહમદ બિન સઈદ અલ-મક્તૂમે જણાવ્યું હતું કે એરપોર્ટ ફ્લેગશિપ કેરિયર અમીરાત અને તેની ઓછી કિંમતની એરલાઈન ફ્લાય દુબઈ તેમજ વિશ્વને દુબઈ સાથે જોડતા તમામ એરલાઈન ભાગીદારો માટે નવું ઘર સાબિત થશે.

# એરપોર્ટ પર 400 ટર્મિનલ ગેટ હશે, દર વર્ષે 26 કરોડ મુસાફરો આવશે



## કોરોનામાં પ્લેન પાર્કિંગ માટે અલ મકતુમ એરપોર્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

અલ મકતુમ એરપોર્ટ દુબઈ એરપોર્ટથી 45 કિમીના અંતરે છે. તે વર્ષ 2010માં બનાવવામાં આવ્યું હતું. તે સમયે અહીં માત્ર 1 ટર્મિનલ હતું. કોરોના સમયે, તેનો ઉપયોગ અમીરાત એરલાઈન્સના ડબલ-ડેકર એરબસ A380 અને અન્ય ઘણા વિમાનોના પાર્કિંગ માટે થતો હતો. અહીં દર વર્ષે દુબઈ એર શોનું પણ આયોજન કરવામાં આવે છે.

## દુબઈ એરપોર્ટ પર વધુ પડતી ભીડને સંભાળવા માટે લેવાયો નિર્ણય

રિપોર્ટ અનુસાર, કોરોના પછી આ આંકડો ઘટ્યો છે. મહામારી પહેલા, વર્ષ 2019માં લગભગ 8.7 કરોડ લોકોએ આ એરપોર્ટ પરથી મુસાફરી કરી હતી. વર્ષ 2018માં 9 કરોડ મુસાફરો અહીંથી પસાર થયા હતા. ભારે ભીડને કારણે આ એરપોર્ટ પર કામગીરી સંભાળવામાં ઘણી સમસ્યાઓ છે. આને ધ્યાનમાં રાખીને, અલ-મકતુમ પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે. અલ જઝીરા અનુસાર, UAE વર્ષોથી દુબઈ એરપોર્ટની કામગીરીને અલ-મકતુમ એરપોર્ટ પર ટ્રાન્સફર કરવાની યોજના બનાવી રહ્યું છે. જો કે, મંદીના કારણે 2009માં યુએઈમાં સર્જાયેલી આર્થિક કટોકટીમાંથી બહાર આવવાના પ્રયાસમાં તેને મુલતવી રાખવામાં આવ્યું હતું.



નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex,
Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi,
Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

## 127 વર્ષ જૂનાં ગોદરેજ ગ્રુપના ભાગલા થયા, બે ભાગમાં વિભાજિત ગ્રુપ

# આદિ-નાદીર ગોદરેજને લિસ્ટેડ ઈન્ડસ્ટ્રીઝ જમશેદ-સ્મિતાને નોન-લિસ્ટેડ કંપનીઓ

### ગ્રુપે સાબુથી લઈને લોકર સુધીની પ્રોડક્ટ બનાવી લોકોના દિલમાં સ્થાન જમાવ્યું

■ નવી દિલ્હી



સાબુથી લઈને લોકર સુધી દેશના દરેક ઘરમાં પોતાનું સ્થાન બનાવનાર ગોદરેજ ગ્રુપ હવે વિભાજિત થવા જઈ રહ્યું છે. ગોદરેજ ફેમિલીએ 127 વર્ષ જૂના જૂથને બે ભાગમાં વિભાજીત કરવા માટે સમજૂતી કરી છે. આ કરાર હેઠળ, એક ભાગ 82 વર્ષના આદિ ગોદરેજ અને તેમના ભાઈ નાદિરને મળ્યો છે જ્યારે બીજો ભાગ પિતરાઈ ભાઈ જમશેદ અને બહેન સ્મિતા ગોદરેજને મળ્યો છે. આદિ અને નાદિર ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝના માલિક છે, જેમની પાસે પાંચ લિસ્ટેડ કંપનીઓ છે. જમશેદ અને સ્મિતાને અનલિસ્ટેડ કંપની ગોદરેજ એન્ડ બોયસની લેન્ડ બેંક અને મુંબઈમાં તેની સંલગ્ન મુખ્ય સંપત્તિ વારસામાં મળી છે.

**અખબારમાંથી તાળાઓ બનાવવાનો વિચાર આવ્યો** ગોદરેજ ગ્રૂપના સ્થાપક અરદેશિર ગોદરેજે 3,000 રૂપિયાથી સર્જરી બ્લેડનો પહેલો બિઝનેસ શરૂ કર્યો, જે ઉપડી શક્યો નહીં. ગોદરેજ 'મેડ ઈન ઈન્ડિયા' લખાવવા માટે અંગ્રેજો સાથે મક્કમ બન્યા હતા. અરદેશર ગોદરેજનો પહેલો ધંધો અટકી જવા છતાં તેમણે હાર માની નહીં. એક દિવસ અખબાર વાંચતી વખતે એક સમાચાર તેની નજરે ચડી. આ સમાચાર બોમ્બેમાં થયેલી ચોરીની ઘટનાઓ સાથે સંબંધિત હતા. બોમ્બે પોલીસ કમિશનરે લોકોને તેમના ઘર અને ઓફિસની સુરક્ષામાં સુધારો કરવા જણાવ્યું હતું. બસ આ સમાચાર સાથે જ અરદેશરના મગજમાં તાળાઓ બનાવવાનો વિચાર આવ્યો. એવું નથી કે તે સમયે તાળાં નહોતાં. પરંતુ ગોદરેજ એવા તાળાઓ બનાવ્યા જે પહેલા કરતા વધુ સુરક્ષિત હતા. 'ગોદરેજ' કંપનીનો જન્મ 1897માં થયો હતો.



### વિભાજનની પ્રક્રિયા ત્રણ વર્ષથી ચાલી રહી હતી

ગોદરેજ ગ્રુપના વિભાજનની પ્રક્રિયા 3 વર્ષથી ચાલી રહી હતી. હવે વિભાજન બાદ પરિવારના સભ્યો એકબીજાની કંપનીમાં પોતાનો હિસ્સો વેચીને ચાલ્યા જશે. આદિ અને નાદિર ગોદરેજે આ વર્ષની શરૂઆતમાં ગોદરેજ એન્ડ બોયસના બોર્ડમાંથી રાજીનામું આપ્યું હતું, જ્યારે જમશેદ ગોદરેજે GCPL અને ગોદરેજ પ્રોપર્ટીઝના બોર્ડ પરની બેઠકો છોડી દીધી હતી.

### ગોદરેજ અને તેના ભાઈને લિસ્ટેડ કંપનીઓ મળશે

ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રૂપમાં લિસ્ટેડ કંપનીઓ ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, ગોદરેજ કન્ઝ્યુમર, ગોદરેજ પ્રોપર્ટીઝ, ગોદરેજ એગ્રોવેટ અને એસ્ટેક લાઈફસાયન્સિસ છે. તેના અધ્યક્ષ નાદિર ગોદરેજ હશે અને તેનું નિયંત્રણ આદિ ગોદરેજ, નાદિર અને પરિવાર દ્વારા કરવામાં આવશે. આદિના 42 વર્ષીય પુત્ર પીરોજશા ગોદરેજ ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ હશે. તેઓ ઓગસ્ટ 2026માં નાદિરનું સ્થાન લેશે. બીજી તરફ, ગોદરેજ એન્ટરપ્રાઈઝ ગ્રુપમાં ગોદરેજ એન્ડ બોયસ અને તેના સહયોગીઓનો સમાવેશ થાય છે, જે એરોસ્પેસ અને એવિએશનથી લઈને સંરક્ષણ, ફર્નિચર અને આઈટી સોફ્ટવેર સુધીના બહુવિધ ઉદ્યોગોમાં હાજરી ધરાવે છે. તેનું નિયંત્રણ જમશેદ ગોદરેજ પ્રમુખ અને એમડી તરીકે કરશે. તેની બહેન સ્મિતાની 42 વર્ષીય પુત્રી ન્યારીકા હોલકર તેના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હશે. આ જ જૂથની મુંબઈમાં 3,400 એકરની લેન્ડ બેંક પણ છે.

# મસાલાની 70 કરોડ ડોલરની નિકાસને ફટકો

### ક્વોલિટીના વિવાદમાં વધુ દેશો જોડાતાં ચિંતા વધી

■ મુંબઈ



દેશના બે જાણીતા મસાલા ઉત્પાદકોના પ્રોડકટસ પર વિદેશની બજારોમાં લેવાઈ રહેલા નિયમનકારી પગલાંઓને પરિણામે મહત્વની બજારોમાં ભારતની ૭૦ કરોડ ડોલરની નિકાસ જોખમમાં આવી પડી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું છે. ભારતની બે જાણીતી મસાલા ઉત્પાદક કંપનીઓના પ્રોડકટસની ક્વોલિટી સામે અમેરિકા, હોંગકોંગ, સિંગાપુર, ઓસ્ટ્રેલિયા તથા માલેએ પ્રશ્નો ઊભા કર્યા હોવાના અહેવાલો છે. આ દેશોમાં ભારતે નાણાં વર્ષ ૨૦૨૪માં ૬૯.૨૫ કરોડ ડોલરના મસાલાની નિકાસ કરી હતી એમ ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ (જીટીઆરઆઈ) ના એક રિપોર્ટમાં જણાવાયું હતું. આ દેશોમાં ભારતના મસાલાની નિકાસમાં ઘટાડો થવાનું જોખણ તોળાઈ રહ્યું છે. ચીન તથા એશિયન દેશો પણ જો નિયમનકારી પગલાં લેવા લાગશે તો દેશની મસાલાની વૈશ્વિક નિકાસમાંથી ૫૧ ટકા નિકાસ પર અસર જોખમમાં મુકાઈ શકે છે.

# ગો ફર્સ્ટના 54 એરક્રાફ્ટનું રજીસ્ટ્રેશન રદ થશે

### DGCAને ડી-રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ

■ નવી દિલ્હી




દિલ્હી હાઈકોર્ટે એવિએશન રેગ્યુલેટર ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) ને ગો ફર્સ્ટ પાસેથી લીઝ પર લીધેલા તમામ 54 એરક્રાફ્ટનું રજીસ્ટ્રેશન રદ કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે ડીજીસીએને ગો ફર્સ્ટ દ્વારા લીઝ પર લીધેલા એરક્રાફ્ટની ડીરજીસ્ટ્રેશન પ્રક્રિયાને આગામી 5 કામકાજના દિવસોમાં આગળ વધારવા જણાવ્યું છે. જસ્ટિસ તારા વિતાસ્તા ગંજુની સિંગલ જજની બેન્ચે શુક્રવારે આ આદેશ આપ્યો છે. હાઈકોર્ટે એરલાઈન અને તેના ડિરેક્ટરોના સંચાલન માટે ઈન્સોલ્વન્સી એક્ટ હેઠળ નિયુક્ત રિઝોલ્યુશન પ્રોફેશનલ (RP)ને એરક્રાફ્ટ અથવા સ્પેરપાર્ટ્સ, દસ્તાવેજો, રેકોર્ડ્સ અને અન્ય કોઈપણ સામગ્રી લેવા અથવા સંગ્રહિત કરવા પર પણ રોક લગાવી છે.એરક્રાફ્ટ લીઝિંગ કંપનીઓમાં Pembroke Aviation, Accipiter Investments Aircrafts 2 Ltd, EOS એવિએશન અને SMBC એવિએશનનો સમાવેશ થાય છે.

## NEWS FILE

### ક્રૂડની આયાત વધીને $101-104 અબજ રહેવાનો અંદાજ



નવી દિલ્હીઃ દેશમાં ક્રૂડનું આયાત બિલ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વધીને $101-104 અબજ પર પહોંચી શકે છે જે વર્ષ 2023-24 દરમિયાન $96.1 અબજ નોંધાયું હતું અને ઈઝરાયલ-ઈરાન વચ્ચે તણાવમાં વધારો થશે તો તેનાથી પણ આયાતના મૂલ્ય પર દબાણ ઉભુ થવાની સંભાવના પણ રેટિંગ એજન્સી ઈકરા દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે વિશ્લેષણના આધારે, રશિયાથી ઓછી કિંમતે ઓઈલની આયાતને કારણે છેલ્લા 11 મહિનામાં $7.9 અબજની (એપ્રિલ-ફેબ્રુઆરી) બચત થઈ હતી, જે વર્ષ 2022-23 દરમિયાન $5.1 અબજ હતી.

### નેસ્લે બેબી ફૂડમાં શુગરની માત્રા માપની અંદર હોવાનો દાવો

નવી દિલ્હીઃ FMCG કંપની નેસ્લેએ બેબી પ્રોડક્ટ 'સેરેલેક'માં વધારાની ખાંડ ઉમેરવાના મામલે સ્પષ્ટતા કરી છે. કંપનીએ કહ્યું છે કે તે ભારતમાં કોઈપણ નિયમોનું ઉલ્લંઘન કરતી નથી. નેસ્લે ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (MD) સુરેશ નારાયણે જણાવ્યું હતું કે ભારતમાં વેચાતા નેસ્લે સેરેલેકમાં ખાંડનું પ્રમાણ ફૂડ રેગ્યુલેટર FSSAI દ્વારા નિર્ધારિત મર્યાદામાં છે. સુરેશે જણાવ્યું કે સ્થાનિક ધોરણો (FSSAI) અનુસાર, 100 ગ્રામ ફીડ (સેરેલેક)માં વધારાની ખાંડની મહત્તમ માત્રા 13.6 ગ્રામ હોવી જોઈએ.

### પતંજલિની 14 પ્રોડક્ટ્સ બનાવવાનું લાઈસન્સ રદ થયું




નવી દિલ્હીઃ ઉત્તરાખંડ સરકારે બાબા રામદેવની પતંજલિ આયુર્વેદ અને દિવ્યા ફાર્મસીનાં લગભગ 14 ઉત્પાદનોના ઉત્પાદન લાઈસન્સ સસ્પેન્ડ કરી દીધાં છે. ઉત્તરાખંડ સરકાર દ્વારા સોમવારે સાંજે સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટમાં આ માહિતી આપવામાં આવી છે. ઉત્તરાખંડ સરકારની લાઈસન્સિંગ ઓથોરિટીએ પણ સોમવારે ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જાહેર કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે- પતંજલિ આયુર્વેદનાં ઉત્પાદનો વિશે વારંવાર ભ્રામક જાહેરાતો પ્રકાશિત કરવાને કારણે કંપનીનું લાઈસન્સ અટકાવી દેવામાં આવ્યું છે. દિવ્યા ફાર્મસી પંતજલિ પ્રોડક્ટ્સને મેન્યુફેક્ચરિંગ કરે છે.

# ચૂંટણી વચ્ચે મોદી સરકારની તિજોરી છલકાઈ « 7 વર્ષમાં GST કલેક્શને સૌથી મોટો ઈતિહાસ રચ્યો

### પહેલીવાર કલેક્શન 2 લાખ કરોડને પાર પહોંચી ગયું

■ નવી દિલ્લી

સરકારે એપ્રિલ 2024માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે GSTમાંથી રેકોર્ડ 2.10 લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. અત્યાર સુધીના કોઈપણ મહિનામાં આ સૌથી વધુ જીએસટી કલેક્શન છે. અગાઉનું હાઈએસ્ટ કલેક્શન રૂ. 1.87 લાખ કરોડ હતું, જે એપ્રિલ 2023માં થયું હતું. વાર્ષિક ધોરણે GST કલેક્શનમાં 12.4%નો વધારો થયો છે. જ્યારે ગયા મહિને એટલે કે માર્ચ 2024માં GST કલેક્શન 1.78 લાખ કરોડ રૂપિયા હતું. એટલે કે મહિના દર મહિનાના આધારે કલેક્શનમાં 18%નો વધારો થયો છે. સરકારે 18 હજાર કરોડ રૂપિયાના રિફંડ જારી કર્યા. રિફંડની ગણતરી કર્યા બાદ નેટ જીએસટી રેવેન્યુ એપ્રિલ, 2024માં રૂ. 1.92 લાખ કરોડ નોંધાઈ છે. જે ગતવર્ષની તુલનાએ 17.1 ટકા વધી છે. જેમાં રૂ. 43846 કરોડનું સેન્ટ્રલ જીએસટી, રૂ. 53538 કરોડનું સ્ટેટ જીએસટી તથા રૂ. 99623 કરોડનું આઈજીએસટી તથા રૂ. 13260 કરોડનું સેસ સામેલ છે.

### CGST રૂ. 43,846 કરોડ, SGST રૂ. 53,538 કરોડ





નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, એપ્રિલ માટે 2,10,267 કરોડના GST સંગ્રહમાંથી CGST 43,846 કરોડ અને SGST 53,538 કરોડ હતો. IGST રૂ. 99,623 કરોડ હતો (માલની આયાત પર એકત્ર કરાયેલ રૂ. 37,826 કરોડ સહિત) અને સેસ રૂ. 13,260 કરોડ હતો. સેસમાં માલની આયાતમાંથી મળેલા રૂ. 1008 કરોડનો સમાવેશ થાય છે. દેશમાં ટેક્સ સુધારણા તરીકે જીએસટી 1 જુલાઈ, 2017ના રોજ લાગુ થયુ હતું. કોવિડ મહામારી બાદ 2020-21થી જીએસટી કલેક્શન સતત વધ્યું છે. 2022-23માં એવરેજ 1.51 લાખ કરોડ કલેક્શન નોંધાયું હતું. GST એક પરોક્ષ કર છે. અગાઉના વિવિધ પરોક્ષ કર (VAT), સેવા કર, ખરીદી કર, આબકારી જકાત અને અન્ય ઘણા પરોક્ષ કરને બદલવા માટે 2017માં તેનો અમલ કરવામાં આવ્યો હતો. GSTમાં 5, 12, 18 અને 28%ના ચાર સ્લેબ છે.

# મહાદેવ સ્કેમમાં સાહિલ જેલભેગો હવે સંજુ, તમન્ના, બાદશાહનો વારો ?

## તંત્રીસ્થાનેથી...

### 2900 યુવતીઓનું જાતીય શોષણ, પ્રજ્વલનો ખેલ કાકા કુમારે પાડયો?



**કર્ણાટકમાં** લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કા પહેલાં જ જેડીએસના સાંસદ પ્રજ્વલ રેવન્નાની સેક્સ સીડીઓ ફરતી થતાં ખળભળાટ મચી ગયો છે. ભૂતપૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાના મોટા પુત્ર રેવન્નાનો પુત્ર પ્રજ્વલ હાસ્સન લોકસભા બેઠકનો ઉમેદવાર છે. હાસ્સનમાં ૨૬ એપ્રિલે મતદાનના બે દિવસ પહેલાં અચાનક જ ફરતી કરાયેલી પેન ડ્રાઈવમાં પ્રજ્વલના યુવતીઓ સાથે સેક્સ માણતો હોય એવા ૨૦૦૦ જેટલા પોર્ન વીડિયો, અંગત પળોના ફોટા વગેરે છે.

આ ઓછું હોય તેમ પ્રજ્વલના ઘરે કામ કરતી મહિલાએ પ્રજ્વલના બાપ રેવન્નાએ પોતાને હવસનો શિકાર બનાવીને વારંવાર શરીર સંબંધ બાંધ્યા હોવાની ફરિયાદ નોંધાવી દીધી છે. પ્રજ્વલ પણ પોતાની દીકરીને વીડિયો કોલ કરીને ગંદી વાતો કરતો એવો ફરિયાદમાં ઉલ્લેખ છે. ફરિયાદ નોંધાવનારી ૪૭ વર્ષની મહિલા પાછી પ્રજ્વલની માતા ભવાનીની સંબંધી છે. ફરિયાદમાં એવો પણ ઉલ્લેખ છે કે, રેવન્ના-પ્રજ્વલ નોકરાણીઓને સ્ટોર રૂમમાં બોલાવીને ગમે ત્યાં ટચ કરતા ને તેમની મજબૂરીનો લાભ ઉઠાવીને શરીર સંબંધો બાંધતા.

આ વીડિયો વાયરલ થયા પછી કર્ણાટક મહિલા પંચે કરેલી રજૂઆતના પગલે કર્ણાટકની કોંગ્રેસ સરકારે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) બનાવતાં પ્રજ્વલ અને રેવન્નાની હાલત બગડી ગઈ છે. કર્ણાટકમાં ૭ મેએ બાકીની ૧૪ લોકસભા બેઠક માટે મતદાન છે. પ્રજ્વલ અને રેવન્નાનાં કુકર્મોના કારણે પોતે ના ડૂબી જાય એ ફફડાટમાં પોતાને આ વાત સાથે લેવાદેવા નથી એમ કહીને હાથ ખંખેરી નાંખ્યા છે.


રેવન્નાની કેટલીક ક્લિપ્સ ડીસેમ્બરમાં પણ ફરતી થયેલી. ભાજપ હાઈકમાન્ડે જેડીએસ સાથે જોડાણ કર્યું ત્યારે કર્ણાટક ભાજપ પ્રમુખ વિજયેન્દ્રે હાઈકમાન્ડનું ધ્યાન દોરેલું પણ હાઈકમાન્ડે આ વાતને અવગણી હતી. હવે પ્રજ્વલનો બચાવ કરવા જતાં પોતની હાલત બગડશે તેથી ભાજપ આ બખેડામાં પડવા માગતો નથી. બીજી તરફ પ્રજ્વલે આ વીડિયો અને ફોટા મોર્ફ કરાયેલા હોવાનો દાવો કરીને ફરિયાદ નોંધાવી છે પણ એ પોતે જર્મની ભાગી ગયો છે તેથી શંકાના દાયરામાં આવી ગયો છે.

કોંગ્રેસે આ ખેલ કર્યો કે તેને બગાસુ ખાતાં પતાસુ મળી ગયું એ ખબર નથી પણ કોગ્રેસે પૂરી તાકાતથી આ મુદ્દાને ચગાવી દીધો છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, પ્રજ્વલે હજારો યુવતીઓ સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધીને તેના વીડિયો ઉતાર્યા છે અને પછી તેમને બ્લેકમેઈલિંગ કરીને તેમને વારંવાર હવસનો શિકાર બનાવતો હતો. મીડિયા રીપોર્ટ પ્રમાણે પ્રજ્વલે ૨૯૦૦ યુવતીઓને હવસનો શિકાર બનાવી છે. લગભગ બે હજાર જેટલા વીડિયો-ફોટોમાં ૬૦૦ જેટલી અલગ અલગ યુવતીઓ દેખાય જ છે તેથી આ દાવો સાચો હોઈ શકે. આ સીડી-ફોટો સાચા હોય તો પ્રજ્વલ હવસખોરીમાં બધાંને ટપી ગયો છે એ કહેવાની જરૂર નથી.

પ્રજ્વલની સેક્સ સીડી ફરતી થઈ એ માટે દેવગૌડાના બે દીકરા કુમારસ્વામી અને રેવન્ના વચ્ચેની હરીફાઈ કારણભૂત મનાય છે. દેવગૌડાએ કુમારસ્વામીને પોતાના રાજકીય વારસ બનાવતાં કુમારસ્વામી બે વાર મુખ્યમંત્રી બન્યા. કુમારસ્વામી હવે પોતાના દીકરા નિખિલને રાજકીય વારસ બનાવવા માગે છે પણ નિખિલમાં દમ નથી.

કન્નડ ફિલ્મોમાં એક્ટિંગ કરી ચૂકેલો નિખિલ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં માંડયા બેઠક પરથી ફિલ્મ એક્ટ્રેસ સુમાલતા સામે હારી ગયેલો. ગયા વરસે વિધાનસભાની ચૂંટણીમાં પણ કુમારસ્વામીનો ગઢ મનાતી રામનગર બેઠક પરથી હારી ગયેલો. કુમારસ્વામી રામનગર બેઠક પરથી વારંવાર જીત્યા છે. તેમનાં પત્ની અનિતા કુમારસ્વામી પણ આ બેઠક પરથી જીત્યાં છે પણ નિખિલ જીતી શક્યો નથી તેથી નિખિલની રાજકીય કારકિર્દી શુરુ હોને સે પહલે હી ખતમ થઈ જવાનાં એંધાણ છે.

બીજી તરફ નિખિલથી બે વર્ષ નાના પ્રજ્વલે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હાસ્સન બેઠક પરથી જીતીને રાજકીય કારકિર્દી શરૂ કરી હતી.



## વિચાર મંથન



**બોલીવુડના** બહુ નહીં ચાલેલા બોડી બિલ્ડર એક્ટર સાહિલ ખાનની ધરપકડ સાથે જ સટ્ટાખોરી માટે કુખ્યાત મહાદેવ એપનો મુદ્દો પાછો ગાજ્યો છે. મહાદેવ એપની ફેરપ્લે એપને સંજય દત્ત, જેકલીન ફર્નાન્ડિઝ, તમન્ના ભાટિયા અને સિંગર બાદશાહે પણ પ્રમોટ કરી હોવાથી સાહિલ પછી હવે તેમનો વારો પડે એવી પણ શક્યતા છે. પોલીસે ૧૫ હજાર કરોડ રૂપિયાના મહાદેવ એપ કૌભાંડમાં બાદશાહ અને સંજયદત્તના મેનેજરોની પૂછપરછ કરી છે જ્યારે તમન્નાને ૨૯ એપ્રિલ ને સોમવારે પૂછપરછ માટે સમન્સ મોકલ્યું છે. સંજય દત્તને ૨૩ એપ્રિલે પૂછપરછ માટે બોલાવાયેલો પણ ભારતની બહાર હોવાથી નહોતો હાજર થયો. સંજયે પોલીસને નવી તારીખ આપવા વિનંતી કરી છે એ જતાં સંજયસ જેકલીન અને બાદશાહની પૂછપરછ થશે જ. પછી જેલભેગા થવાનો વારો પણ આવી શકે છે.

સાહિલનો કેસ સંજય દત્ત, જેકલીન, તમન્ના અને બાદશાહથી અલગ છે પણ બધાં મહાદેવ એપ કૌભાંડનો હિસ્સો જ છે. છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ સહિતનાં મોટાં માથાં પણ અબજોના મહાદેવ બેટિંગ એપ સ્કેમમાં સંડોવાયેલા હોવાનું કહેવાય છે.

તેમની છત્રછાયામાં આ કૌભાંડ થયું ને બદલામાં તેમણે કરોડો રૂપિયા મહાદેવ એપના કારભારીઓ પાસેથી લીધા. બદલામાં કૌભાંડીને મોકળું મેદાન આપ્યું તેમાં સામાન્ય લોકોના અબજો રૂપિયા ખંખેરાઈ ગયા.

સાહિલ ખાન આ બધાંથી એક કદમ આગળ છે કેમ કે મુંબઈ પોલીસ સાયબર સેલની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ના આરોપ પ્રમાણે, સાહિલ તો મહાદેવ એપ ગ્રુપની સટ્ટા માટેની લોટસ બુક ૨૪ બાય ૭ એપમાં ભાગીદાર પણ છે. સાહિલે મહાદેવ એપની લાયન નામની એપ પ્રમોટ પણ કરી હતી તેથી એ બે બાજુથી ફસાયેલો છે. સાહિલે લોટસ બુક ૨૪ બાય ૭ એપને પ્રમોટ કરવા લાયન એપ લોંચ કરી હતી. આ કેસમાં સાહિલની પૂછપરછ પણ કરાયેલી.

સાહિલે પોતે મહાદેવ એપ સાથે ૨૪ મહિનાનો કોન્ટ્રાક્ટ કરેલો ને મહિનાના ૩ લાખ રૂપિયા લઈન એપની પોસ્ટ મૂકવા સિવાય બીજો કોઈ રોલ નહોતો એવો બચાવ કરેલો પણ પોલીસે માન્ય નહોતો રાખ્યો.

જેલભેગા થવાનો ડર લાગતાં સાહિલે બોમ્બે હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરેલી પણ અરજી ફગાવી દેવાતાં સાહિલ ફરાર થઈ ગયેલો. પોલીસ તેને શોધતી હતી ને છેવટે છત્તીસગઢના આદિવાસી વિસ્તાર બસ્તરના જગદલપુરથી ઝડપાયો છે. મુંબઈથી ભાગ્યા પછી સાહિલ વારંવાર લોકેશન બદલીને પોલીસને ચકમો આપતો હતો પણ પોલીસે ૪૦ કલાક સુધી તેને ચેઝ કરીને છેવટે ઝડપી લીધો.

પોલીસના કહેવા પ્રમાણે, સાહિલે પોતાના નેટવર્કનો ઉપયોગ સટ્ટાખોરીની સાઈટ્સ અને એપના પ્રચાર માટે કરેલો. સાહિલે બોલીવુડમાં શર્મન જોશી સાથે સ્ટાઈલ અને એક્સક્યુઝ મી જેવી સફળ ફિલ્મો કરેલી પણ બહુ ચાલ્યો નહીં.

મૂળ બંગાળના અત્યંત ગરીબ મુસ્લિમ પરિવારનો સાહિલ સ્ટાર બનવા ભાગીને મુંબઈ આવેલો પણ સાહિલની માંડ છ ફિલ્મો આવી. તેમાંથી એ હીરો હતો એવી ચાર ફિલ્મો તો બી ગ્રેડની હતી. વરસો પછી તેને અલાદીન અને રામ, ધ સેવિયર ફિલ્મોમાં નાના નાના રોલ મળ્યા પણ તેની અભિનયની કારકિર્દી પાટા પર ના ચડી.

સાહિલ બોડી બિલ્ડર છે તેથી ફિલ્મોમાં નિષ્ફળ જતાં ફિટનેસ તરફ વળ્યો. તેની જોરદાર બોડીના કારણે મહિલાઓ આકર્ષાતી તેથી ફિટનેસના નામે સાહિલ ધનિક મહિલાઓની શરીર ભૂખ સંતોષવાનું કામ કરીને અઢળક કમાયો હોવાના આક્ષેપો પણ થયા છે. આ પૈસાનો ઉપયોગ કરીને સાહિલે પોતાની ફિટનેસ અને ડીવાઈન ન્યુટ્રીશનના નામે ન્યુટ્રીશન બ્રાન્ડ પણ લોંચ કરી હતી. આ બ્રાન્ડ હેઠળ સાહિલ બોડી બનાવવા માટેનાં ન્યુટ્રીશન સપ્લીમેન્ટ વેચે છે ને એ પણ શંકાસ્પદ મનાય છે.

સાહિલ ફાઈવ સ્ટાર હોટલોમાં ગ્રાન્ડ પાર્ટીઓ આપતો કે જ્યાં ધનિક મહિલાઓનો તેના જેવા યંગ બોડી બિલ્ડર મોડલોને બોલાવીને મેળાપ કરાવી આપતો. આ પાર્ટીઓમાં ખુલ્લેઆમ હવસનો ખેલ ચાલતો એવું કહેવાય છે. સાહિલના પોતાના જ સંખ્યાબંધ ધનિક મહિલાઓ સાથે સંબંધ હોવાના આક્ષેપ થયા છે. સાહિલની ઈમેજ એ રીતે બહુ સારી નથી પણ હમણાં સુધી એ સિંગલ જ હતો તેથી તેની અંગત જીંદગી વિશે કોઈ બોલતું નથી.

સોશિયલ મીડિયાનો પ્રભાવ વધ્યો પછી સાહિલ ફિટનેસ ઈન્ફ્લુઅન્સર બનીને કરોડો કમાય છે. યુ ટ્યુબ પર સાહિલના ૨૮ લાખ સબસ્ક્રાઈબર્સ છે જ્યારે ઈન્સ્ટાગ્રામ પર ૧.૧૦ કરોડથી વધારે ફોલોઅર છે.

સંજય, તમન્ના, જેકલીન, બાદશાહ વગેરે મહાદેવ એપના કૌભાંડમાં સહિલ જેટલાં ખૂંપેલાં નથી. ગયા વરસે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની મેચ વખતે મહાદેવ ઓનલાઈન ગેમિંગ એન્ડ બેટિંગ એપ્લિકેશનની ફેર પ્લે નામની એપ પર લાઈવ મેચ બતાવાતી હોવાનો દાવો કરાતો હતો. આ દાવો તમન્ના, સંજય, જેકલીન, બાદશાહ સહિતની સેલિબ્રિટી કરતી હતી. આઈપીએલની કેટલીક મેચો આ એપ પર લાઈવ પણ બતાવાઈ હતી.

આઈપીએલના પ્રસારણના હકો અબજોમાં વેચાયા છે તેથી આ રીતે પ્રસારણ ગેરકાયદેસર કહેવાય તેથી કેસ થઈ ગયો. આઈપીએલ મેચનું ગેરકાયદેસર રીતે પ્રસારણ કૌભાંડ કહેવાય. આ કૌભાંડમાં પ્રમોશન કરવાના નામે નાણાં લઈને ભાગીદાર બનવું મોટો ગુનો છે. આ સંદર્ભમાં જ બધી સેલિબ્રિટીની પૂછપરછ થઈ રહી છે ને ધરપકડ પણ થઈ શકે.

## અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને અમેરિકાનું નાગરિકત્વ

# બાઈડનના એક નિર્ણયથી અનેક ઈમિગ્રન્ટ્સ બનશે USના નાગરિક!




**અમેરિકામાં** ચૂંટણી નજીક આવતાની સાથે ઈમિગ્રન્ટ્સનો મુદ્દો મહત્વનો બની રહ્યો છે. તો વળી લોકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષવા માટે જો બાઈડન એવા નિર્ણય લેવા જઈ રહ્યા છે. જેનાથી પૂર્વ પ્રમુખ અને હરીફ ટ્રમ્પના તમામ પાસા ઉલટા પડી શકે છે. તાજેતરના મીડિયા રિપોર્ટ પ્રમાણે બાઈડન વહીવટી તંત્ર હવે અમેરિકન નાગરિક સાથે લગ્ન કરનારા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને અમેરિકાનું નાગરિકત્વ આપે તેવી ચર્ચા છે. અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં પ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાવાની છે. જેમાં વર્તમાન પ્રમુખ જો બાઈડન અને ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે જંગ જામવાનો છે. ત્યારે ડેમોક્રેટિક ધારાસભ્યો અને હિમાયતી સંસ્થાઓએ પ્રમુખ બાઈડનને વિનંતી કરી છે કે તેઓ દેશની અંદર ઈમિગ્રન્ટ્સની સુરક્ષા કરે. ભલે બાઈડન દેશની અંદર રહેલા ઈલીગલ માઈગ્રન્ટ્સ માટે આ નિર્ણય લે પરંતુ તેઓ ઈલીગલ બોર્ડર ક્રોસિંગને ઘટાડવા માટેના એક્ઝિક્યુટિવ પગલાંનો વિચાર કરી રહ્યા છે. એક નિવેદનમાં વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, વહીવટીતંત્ર સંભવિત નીતિ અને વિકલ્પોનું સતત મૂલ્યાંકન કરી રહ્યું છે પરંતુ ચોક્કસ એક્શન અંગેની ચર્ચાઓની પુષ્ટિ કરવાનો ઈનકાર કર્યો હતો.

એક એડવોકસી ઓર્ગેનાઈઝેશનના ડેટા અનુસાર અમેરિકામાં અંદાજે 1.1 મિલિયન ઈમિગ્રન્ટ્સે ગેરકાયદેસર રીતે અમેરિકન નાગરિકો સાથે લગ્ન કર્યા છે. 86 ડેમોક્રેટ્સના જૂથે એક પત્ર મોકલ્યો હતો જેમાં ગયા વર્ષે બાઈડન અને હોમલેન્ડ સિક્યોરિટી સેક્રેટરી એલેજાન્ડ્રો મેયોર્કાસને નવી ટેબ ખોલી યુએસ નાગરિકોના જીવનસાથીઓની સુરક્ષા કરવા અને દેશની બહારના લોકો માટે ફેમિલી રિયુનિફિકેશન પ્રક્રિયા બનાવવા વિનંતી કરી હતી. અમેરિકામાં અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની સંખ્યા ઘણી મોટી છે જેમાં ભારતીયો પણ નોંધપાત્ર સંખ્યામાં છે. પરંતુ હવે અમેરિકામાં ઈલીગલ ઈમિગ્રેશનની સમસ્યા વકરી રહી છે અને સ્થાનિક સ્તરે પણ તેનો વિરોધ થવા લાગ્યો છે. થોડા સમય અગાઉ ન્યૂયોર્કમાં મોટી સંખ્યામાં ઈલીગલ ઈમિગ્રન્ટ્સ ઉમટી પડ્યા હતા.

અમેરિકામાં જો બાઈડન ઈલીગલ ઈમિગ્રન્ટ્સ પ્રત્યેક કૂણું વલણ અપનાવી રહ્યા છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ તેમનાથી તદ્દન વિરુદ્ધ છે. તેમણે તો જાહેર કરી દીધું છે કે જો તેઓ ફરીથી અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ બનશે તો તેઓ દેશના ઈતિહાસનું સૌથી મોટું ડિપોર્ટેશન શરૂ કરશે. અને ટ્રમ્પે અમેરિકામાં ગેરકાયદેસર ઈમિગ્રેશનમાં વધારો બાઈડેનની ઉદાર નીતિઓને આભારી ગણાવ્યો છે.ત્યારે એ જોવાનું રહેશે કે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં આ કામગીરી પૂરી થાય છે કે નહીં. કેમ કે નવેમ્બરમાં કે ડિસેમ્બરમાં ચૂંટણીની તમામ પ્રક્રિયાઓ શરૂ થઈ જતાં કામગીરી અટકી જાય તેવી શક્યતાછે. જોકે આ નિર્ણય ઈમિગ્રન્ટ્સ માટે ફાયદાકારક છે.




**Gadgets ગુરૂ**

### પેનોરેમિક સનરૂફ સાથેની ભારતની પ્રથમ મહિન્દ્રા XUV3XO

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ 29 એપ્રિલે સાંજે 4:30 વાગ્યે ભારતમાં સબ-4 મીટર SUV સેગમેન્ટમાં XUV3XO લોન્ચ કરી. આ કાર પેનોરેમિક સનરૂફ ધરાવતી દેશની પ્રથમ સબ-કોમ્પેક્ટ SUV છે. આ કારને 20.1 kmplની માઈલેજ મળશે. અગાઉ કંપનીએ ટીઝર દ્વારા કારનાં ઘણાં ફીચર્સ શેર કર્યાં હતાં. આ કાર Mahindra XUV300 નું ફેસલિફ્ટ છે.

- ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ
- 10.25 ઈંચ ડિજિટલ ડ્રાઈવર ડિસ્પ્લે
- 7 સ્પીકર હરમન કાર્ડન સાઉન્ડ સિસ્ટમ
- કનેક્ટેડ કાર ટેક્નોલોજી
- ક્લાઈમેટ કંટ્રોલ સ્માર્ટફોનથી ACને કંટ્રોલ
- ફેંગ શેપ LED DRL

# એકસાથે 35 વાવાઝોડાએ અમેરિકાના ઓક્લાહોમાને ઘમરોળ્યું...









## 4નાં મોત, 100 ઘાયલ

**20 હજાર લોકોનાં ઘરમાં વીજ પુરવઠો બંધ 500થી વધારે મકાનો ધરાશાયી થયા...**

**ઓક્લાહોમા:** અમેરિકાના રાજ્ય આયોવા અને ઓક્લાહોમામાં વાવાઝોડાના કારણે તબાહી સર્જાઈ છે. અમેરિકન મીડિયા વોશિંગ્ટન પોસ્ટ અનુસાર તોફાનના કારણે અત્યાર સુધીમાં એક શિશુ સહિત 4 લોકોનાં મોત થયા છે. 100 થી વધુ લોકો ઘાયલ થયા છે. ટોર્નેડોના કારણે એકલા સલ્ફર શહેરમાં 30 થી વધુ લોકો ઘાયલ થયા છે. અહીંની મોટાભાગની ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે અને અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ લોકો બેઘર થઈ ગયા છે. આયોવા અને ઓક્લાહોમામાં તોફાનથી 500 થી વધુ ઘરો ધરાશાયી થયા હતા. ઓક્લાહોમાના ગવર્નર કેવિન સ્ટિટે કહ્યું કે આખા શહેરમાં તબાહી સર્જાઈ છે. લોકોના ધંધામાં નુકસાન થયું હતું. 20 હજારથી વધુ લોકો વીજળી વિના જીવવા મજબૂર બન્યા છે. ન્યૂઝ એજન્સી એપી અનુસાર, શનિવાર અને રવિવાર વચ્ચે એક સાથે 35 ટોર્નેડો નોંધાયા હતા. જ્યારે શુક્રવારે આ આંકડો 70થી વધુ હતો.

### સરકારે તમામ મદદની આપી ખાતરી

વ્હાઈટ હાઉસના અધિકારીઓના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ જો બાઈડને રવિવારે ઓક્લાહોમાના ગવર્નર સાથે વાત કરી હતી અને તમામ શક્ય મદદની ખાતરી આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર શહેરમાં શનિવારે રાત્રે વાવાઝોડાને કારણે ભારે વરસાદ થયો હતો, જેના કારણે વિસ્તારમાં પૂર આવી ગયું હતું. આ પછી લોકોની મદદ માટે ઈમરજન્સી ટીમ મોકલવામાં આવી હતી.

### વિશ્વમાં સૌથી વધુ ટોર્નેડો અમેરિકામાં આવે છે અને 50 લોકોના જીવ જાય છે

અમેરિકાની નેશનલ વેધર સર્વિસ મુજબ, જો કે ટોર્નેડો વિશ્વમાં ગમે ત્યારે આવી શકે છે, તે અમેરિકામાં સૌથી વધુ સંખ્યામાં થાય છે. અમેરિકામાં જ મોટાભાગના ટોર્નેડો કેન્સાસ, ઓક્લાહોમા, ટેક્સાસ જેવા મેદાની વિસ્તારોમાં થાય છે. NOAA એટલે કે નેશનલ ઓસેનિક એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન કહે છે કે દર વર્ષે અમેરિકામાં ટોર્નેડોના કારણે 50 લોકોના જીવ જાય છે.


# જાન્યુઆરી 2023ની દુર્ઘટનામાં બે મનોવૈજ્ઞાનિકોનો નવો ખુલાસો

**■ ડૉ. ધર્મેશે 'સંતાનોના રક્ષણ' માટે કાર 250 ફૂટ ઊંડી ખીણમાં નાંખી હતી**

■ કેલિફોર્નિયા

અમેરિકાના કેલિફોર્નિયામાં જાન્યુઆરી ૨૦૨૩માં ગુજરાતી રેડિયોલોજિસ્ટ ધર્મેશ પટેલે પત્ની અને ૪ તથા ૭ વર્ષના સંતાનો સાથે તેમની કાર તીવ્ર ગતિએ ૨૫૦ ફૂટ ઊંડી ખીણમાં નાંખી હતી. આ ઘટનામાં હવે નવો ખૂલાસો થયો છે. બે મનોવૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે પરિવારની હત્યાના આરોપોનો સામનો કરનારા ડૉ. ધર્મેશ પટેલ માનસિક બીમારીથી પીડીત છે અને દુર્ઘટના સમયે માનસિક હતાશામાં સંતાનોનું રક્ષણ કરવા માટે તેમની કાર હાફ મૂન ડે હાઈવે નજીક ડેવિલ્સ સાઈડની ૨૫૦ ફૂટ ઊંડી ખાઈમાં નાંખી હતી. અમેરિકામાં કેલિફોર્નિયાના પસાડેનાના રહેવાસી ૪૨ વર્ષીય ગુજરાતી ડૉ. ધર્મેશ પટેલ ટેસ્લા કારમાં પત્ની અને ચાર તથા સાત વર્ષના સંતાનો સાથે હાફ મૂન ડે નજીક હાઈવે-૧ પર ડેવિલ્સ સાઈડ ખાતેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક જ તેમણે કાર ૨૫૦ ફૂટ ઊંડી ખીણમાં નાંખી દીધી હતી.

### માનસિક બીમારીનું કારણ ધરી જેલમાંથી છૂટવાનું પ્લાનિંગ



ડૉ. માર્ક પેટરસનનું કહેવું છે કે ધર્મેશ પટેલ 'સાયકોસિસ'નામની માનસિક બીમારીથી પીડિત હતો, જેના કારણે તેણે કાર ઊંડી ખીણમાં નાંખવાનું આઘાતજનક પગલું લીધું હતું. ધર્મેશ પટેલને એવો ભ્રમ હતો કે કોઈ તેમનો પીછો કરી રહ્યું છે. તેને સતત એવો ભય હતો કે સંતાનોનું સેક્સ ટ્રાફિકિંગ માટે અપહરણ થઈ જશે. આવા સમયે 'પરિવારના રક્ષણ' માટે તેણે અચાનક જ કારને ઊંડી ખીણમાં નાંખવાનું આઘાતજનક પગલું લીધું હતું. આ કેસમાં માર્ક પેટરસન અને જેમ્સ આર્મોન્ટ્રોટ નામના બે મનોવૈજ્ઞાનિકોએ ૨૪ એપ્રિલે ધર્મેશ પટેલના બચાવમાં જુબાની આપી હતી. હવે ધર્મેશ પટેલે માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમની માગ કરી છે. આ કેસ હજુ કોર્ટમાં ચાલી રહ્યો છે.

### યુનિવર્સિટીમાં તોડફોડ, ‘આઝાદ પેલેસ્ટાઈન’ના નારા લાગ્યા

# ઈઝરાયલ યુદ્ધની આગ US પહોંચી, હાર્વર્ડમાં પેલેસ્ટિનિયન ધ્વજ ફરકાવાયો

## ઈઝરાયલ સામે પ્રદર્શનમાં ૯૦૦ વિદ્યાર્થીઓની ધરપકડ

■ વોશિંગ્ટન

અમેરિકાની યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં દેખાવો અટકવાનું નામ લઈ રહ્યા નથી. સમાચાર એજન્સી APના જણાવ્યા મુજબ, દેશભરમાં અત્યાર સુધીમાં ૯૦૦ વિદ્યાર્થીઓની ધરપકડ કરાઈ છે. આ દરમિયાન, રવિવારે હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પેલેસ્ટિનિયન ધ્વજ ફરકાવ્યો હતો. રવિવારે, યુનિવર્સિટીમાં જ્યાં જ્હોન હાર્વર્ડની પ્રતિમાની ઉપર અમેરિકન ધ્વજ લહેરાતો હતો, ત્યાં પેલેસ્ટિનિયન ધ્વજ જોવા મળ્યો હતો. યુનિવર્સિટીના પ્રવક્તાએ કહ્યું હતું કે, “આ અમારી પોલિસીની વિરુદ્ધ છે. આ માટે જવાબદાર વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.” કોલંબિયા યુનિવર્સિટીથી લઈને ન્યૂયોર્ક યુનિવર્સિટી સુધી, પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શન કરી રહેલા સંગઠનો માંગ કરી રહ્યા છે કે યુનિવર્સિટીઓ તે કંપનીઓમાંથી અલગ થઈ જાય, જે ઈઝરાયલ પાસેથી નફો કમાય છે. હવે પોર્ટલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીએ આ માંગણી સ્વીકારી છે. યુનિવર્સિટીએ રવિવારે બોઈંગ કંપની તરફથી ભેટ અને અનુદાન ન સ્વીકારવાની જાહેરાત કરી હતી.






**યુનિવર્સિટીમાં ‘યહૂદીઓની હત્યા કરો’ના નારા લાગ્યા** પોલીસે બોસ્ટનની નોર્થઈસ્ટર્ન યુનિવર્સિટીમાં પ્રદર્શનકારીઓના ટેન્ટ દુર કર્યા હતા. આ દરમિયાન 100 લોકોની અટકાયત કરવામાં આવી હતી. અલ જઝીરા અનુસાર, યુનિવર્સિટીના પ્રવક્તાએ કહ્યું કે વિરોધ પ્રદર્શન દરમિયાન વિરોધીઓએ ‘યહૂદીઓની હત્યા કરો’ જેવા નારા પણ લગાવ્યા હતા.

# USમાં ભારતીય મૂળની વિદ્યાર્થિનીની ધરપકડ થઈ

## કોલેજ કેમ્પસમાં પ્રવેશ પર બૅન મૂકવામાં આવ્યો

■ ન્યૂયોર્ક



અમેરિકાથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ભારતીય મૂળની વિદ્યાર્થિનીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ સાથે તેના પર કોલેજના કેમ્પસમાં પ્રવેશવા સામે પણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. પ્રિન્સટન યુનિવર્સિટી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. માહિતી અનુસાર ઈઝરાયલ વિરોધી દેખાવોમાં સામેલ થવા બદલ આ વિદ્યાર્થિની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીની ઓળખ અચિંત્યા શિવલિંગન તરીકે થઇ હતી.

હાલમાં અમેરિકામાં પેલેસ્ટાઈનના સમર્થનમાં તથાં ઈઝરાયલના વિરોધમાં યુનિવર્સિટી અને કોલેજોમાં દેખાવોની ઘટના વધી ગઈ છે. ગઈકાલે જ મોટી સંખ્યામાં દેખાવકાર વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી હતી જેમાં એક ભારતીય મૂળની વિદ્યાર્થિની અચિંત્યા પણ સામેલ હોવાનો ખુલાસો થયો છે. તેની સાથે અન્ય એક વિદ્યાર્થી સામે પણ કેમ્પસમાં પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

# સુદાન દેશ નરસંહારની ધાર પર ઉભો છે: અમેરિકા

## સુદાનમાં ગૃહ યુદ્ધના કારણે વિકટ પરિસ્થિતિ સર્જાઈ

■ યુનાઈટેડ નેશન્સ



યુએસએ સુદાનના સંઘર્ષ પક્ષોને શસ્ત્રો પૂરા પાડતા તમામ દેશોને આમ કરવાનું બંધ કરવા વિનંતી કરી છે. યુ.એસ.એ ચેતવણી આપી હતી કે પશ્ચિમ ડાર્ફુર પ્રદેશમાં ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે, જ્યાં 20 વર્ષ પહેલા નરસંહાર થયો હતો. યુએસ એમ્બેસેડર લિન્ડા થોમસ-ગ્રીનફિલ્ડે યુએન સિક્યુરિટી કાઉન્સિલની કટોકટીની બેઠક પછી પત્રકારોને જણાવ્યું હતું કે ડાર્ફુરની રાજધાની, અલ ફાશર, એકમાત્ર એવી જગ્યા છે જે વિરોધી દળો દ્વારા રાખવામાં આવી નથી. તેમણે કહ્યું કે ડાર્ફુર સામૂહિક નરસંહારની આરે છે. અમેરિકી રાજદૂતે તમામ દેશોને આ ખતરાને સમજવાની વિનંતી કરી. તેમણે કહ્યું કે એક મોટું સંકટ ઊભું થઈ રહ્યું છે. થોમસ ગ્રીનફિલ્ડે જણાવ્યું હતું કે એવા મજબૂત અહેવાલો છે કે ‘અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ’ અને તેમના સહયોગી લડવૈયાઓએ અલ ફશરની પશ્ચિમે કેટલાંક ગામોનો નાશ કર્યો છે અને અલ ફાશર પર મોટા હુમલાની યોજના બનાવી રહ્યા છે.

## NEWS FILE

### પોર્ન સ્ટાર કેસમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દોષિત જાહેર



ન્યૂયોર્કઃ 30 એપ્રિલના રોજ ન્યૂયોર્કની મેનહટન કોર્ટે તિરસ્કારના કેસમાં પૂર્વ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર 7 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ મામલો પોર્ન સ્ટાર્સને પૈસા આપીને ચૂપ કરાવવાનો છે. કોર્ટે સાક્ષીઓ, ન્યાયાધીશો અને કેસ સાથે સંકળાયેલા કેટલાક લોકો વિશે જાહેર નિવેદનો કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. કોર્ટે ટ્રમ્પને ચેતવણી આપી હતી કે જો તેમણે ફરીથી આવું કર્યું તો તેમને જેલ થઈ શકે છે. પોર્ન સ્ટારે ટ્રમ્પ પર 10 ઉલ્લંઘનનો આરોપ મૂક્યો હતો. 2016ની રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા પોર્ન સ્ટાર સાથે અફેર રાખવા અને તેને ચૂપ રહેવા માટે પૈસા આપવાના આરોપમાં ટ્રમ્પ વિરુદ્ધ આ કેસ ચાલી રહ્યો છે.

### જેનિફર રાજકુમારની હાજરીમાં ખાલિસ્તાની ઝંડા ફરકયા

ન્યૂયોર્કઃ ભારતની બહાર વિદેશમાં ખાલિસ્તાનનો મુદ્દો શાંત થવાનું નામ લઈ રહ્યો નથી. કેનેડામાં પીએમ જસ્ટીન ટ્રુડોની હાજરીમાં લાગેલા ખાલિસ્તાન સમર્થિત નારાનો મામલો હજુ શાંત થયો નથી. ત્યારે હવે અમેરિકામાં ભારતીય-અમેરિકી સાંસદની હાજરીમાં ખાલિસ્તાની ઝંડા જોવા મળતાં વિવાદ સર્જાયો છે. આ વિવાદ ભારતીય મૂળની જેનિફર રાજકુમારની હાજરીમાં સર્જાયો. જેનિફર રાજકુમાર પંજાબી મૂળની પહેલી અમેરિકી નાગરિક છે જે ન્યૂયોર્ક સ્ટેટ એસેમ્બલી માટે ચૂંટાઈ આવી છે. હાલમાં જ જેનિફર શીખ ડે પરેડમાં સામેલ થઈ હતી.

### USની રિપબ્લિકન ફર્સ્ટ બેંક નાદાર જાહેર કરવામાં આવી





ન્યૂયોર્કઃ એક તરફ જ્યાં ચીનમાં બેન્કિગથી લઈને રિયલ એસ્ટેટની કટોકટી ચરમસીમાએ છે તો બીજી તરફ અમેરિકામાં પણ બેન્કિગ કટોકટી વધુ ઘેરી બનતા હાલત ખરાબ બની છે. રિપબ્લિક ફર્સ્ટ બેન્ક તેનું તાજુ ઉદાહરણ બની ગયું છે. ચાલુ વર્ષની આ પહેલી અમેરિકન બેન્ક છે જે નાદાર થઈ ગઈ છે. અગાઉ ગત વર્ષે ઘણી બેન્કો નિષ્ફળ ગઈ હતી. રિપોર્ટ અનુસાર, ફેડરલ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (FDIC)એ તમામ ખામીઓને હાઈલાઈટ કર્યા બાદ સીઝ કરી છે. એક સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર, અમેરિકન બેન્કિગ ક્ષેત્ર માટે આ વર્ષના પહેલા સૌથી ખરાબ સમાચાર સામે આવ્યા છે.

# અમેરિકામાં 3 ગુજરાતી મહિલાનાં મોત « આણંદની પટેલ મહિલાઓની પૂરપાટ જતી SUV કાર 4-6 લેન ક્રોસ કરી ગઈ

## વૃક્ષ સાથે અથડાતાં પહેલાં 20 ફૂટ સુધી ઉછળી હતી કાર

■ જ્યોર્જિયા

અમેરિકામાં માર્ગ અકસ્માતની ઘટનામાં 3 ગુજરાતી મહિલાનાં મોત થયાં હોવાની માહિતી સામે આવી રહી છે, જ્યારે અન્ય એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. ત્રણેય મૃતક મહિલા આણંદ જિલ્લાની વતની છે. વિગતો મુજબ, મહિલાઓ કારમાં જઈ રહી હતી ત્યારે તેમની કાર ઓવરપાસ સાથે અથડાઈને ચાર લેન કૂદી ઝાડ સાથે અથડાઈ હતી. અમેરિકાના જ્યોર્જિયા ખાતે રહેતાં કાવિઠા ગામનાં રેખાબેન દિલીપભાઈ પટેલ, સંગીતાબેન બી. પટેલ અને મનીષાબેન રાજેન્દ્રભાઈ પટેલ સહિત આ ચાર મહિલા એટલાન્ટાથી ગ્રીન વિલા, સાઉથ કેરોલિનામાં જઈ રહી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કાર ઓવરપાસ સાથે અથડાઈ હતી. ટ્રાફિકની ચાર લેન વટાવીને એ ઝાડીમાં 20 ફૂટ ઊંચા ઝાડ સાથે અથડાઈ હતી. SUV એકથી વધુ જગ્યાએ અથડાયા બાદ કારના ટુકડા થઈ ગયા હતા અને ત્રણ મહિલાનાં મોત થયાં હતા, જ્યારે એકની હાલત ગંભીર હતી.



### આણંદ મૂળની 3 મહિલાનાં મોત

અમેરિકાના સાઉથ કેરોલિનામાં ગ્રીનવિલેમાં અકસ્માત સર્જાયો હતો, જેમાં મૂળ આણંદ જિલ્લાની રહેવાસી 3 મહિલા- રેખાબેન પટેલ, સંગીતાબેન પટેલ અને મનીષાબેન પટેલનાં મોત થયાં હતાં. મૃતકોમાં બે મહિલા આણંદના વાસણા ગામની, જ્યારે એક મહિલા કાવિઠા ગામની વતની છે, જ્યારે કારમાં સવાર અન્ય એક મહિલા કામીનીબેન જીતેન્દ્રભાઈ પટેલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાનું સામે આવ્યું છે. મૃતક રેખાબેન દિલીપભાઈ પટેલને સંતાનમાં 1 પુત્ર અને 1 પુત્રી છે. મૃતક સંગીતાબેન ભાવેશભાઈ પટેલ ને સંતાનમાં 1 પુત્ર છે. જ્યારે ઈજાગ્રસ્ત કામીનીબેન જીતેન્દ્રભાઈ પટેલને સંતાનમાં 3 પુત્રી છે.

લોકસભાની ચૂંટણીનો મહાસંગ્રામ 2024

# અત્યારસુધી કોઈ મહિલાને ટિકિટ નહીં, અમદાવાદ વેસ્ટ બેઠક પર 3 ટર્મથી BJP

અમદાવાદ: અમદાવાદ વેસ્ટ બેઠક અનુસૂચિત જાતિના ઉમેદવાર માટે અનામત બેઠક છે. વર્ષ 2008માં થયેલા સીમાંકન બાદ અસ્તિત્વમાં આવેલી અમદાવાદ વેસ્ટ બેઠક પર યોજાયેલી 3 ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે. 2008ના સીમાંકન પહેલાં અમદાવાદ વેસ્ટ બેઠક ન હતી, પરંતુ અમદાવાદ બેઠક હતી. અમદાવાદનો શહેરી વિસ્તાર આ બેઠકનો મતવિસ્તાર છે. 2009થી ભાજપના કિરીટ સોલંકી અહીંથી સાંસદ તરીકે સતત ચૂંટાતા રહ્યા હતા...

## આશરે 4.70 લાખ મુસ્લિમ મતદારો નિર્ણાયક, આ વખતે કોના પર થશે મહેરબાન?

### 5 વિધાનસભા ભાજપ પાસે, 2 કોંગ્રેસ પાસે

અમદાવાદ વેસ્ટમાં એલિસબ્રિજ, અમરાઈવાડી, દરિયાપુર, જમાલપુર-ખાડિયા, મણિનગર, દાણીલીમડા (એસસી), અસારવા (એસસી) એમ 7 વિધાનસભા આવે છે, જેમાંથી એલિસબ્રિજ, અમરાઈવાડી, દરિયાપુર, મણિનગર, અસારવા (એસસી) વિધાનસભા બેઠક પર ભાજપની જીત થઈ છે, જ્યારે જમાલપુર-ખાડિયા અને દાણીલીમડા (એસસી) બેઠક કોંગ્રેસ પાસે છે.

### ભાજપે પૂર્વ ડેપ્યુટી મેયરને ઉતાર્યા તો કોંગ્રેસે પૂર્વ ધારાસભ્યને ટિકિટ આપી

આ વખતે ભાજપે સિટિંગ સાંસદ કિરીટ સોલંકીની ટિકિટ કાપીને અમદાવાદના પૂર્વ ડેપ્યુટી મેયર દિનેશ મકવાણાની પસંદગી કરી છે. દિનેશ મકવાણા 1999થી ભાજપના કાર્યકર છે અને વર્ષ 2022થી અમદાવાદ ભાજપના પ્રવક્તા છે. બીજી તરફ, કોંગ્રેસે 1998માં સોજિત્રાના ધારાસભ્ય રહી ચૂકેલા ભરત મકવાણાને ટિકિટ આપી છે. ભરત મકવાણાના પિતા યોગેન્દ્ર મકવાણા રાજીવ ગાંધી સરકારમાં મંત્રી હતા.

### એકપણ ચૂંટણીમાં કોઈપણ પક્ષે મહિલા ઉમેદવારને ટિકિટ નથી આપી

આ બેઠક પર ભાજપ કે કોંગ્રેસ એમ બેમાંથી એકપણ પક્ષે હજુ સુધી કોઈ મહિલાને ઉમેદવાર નથી બનાવી. ભાજપે 2009થી સતત 3 વાર કિરીટ સોલંકીને ટિકિટ આપી હતી, જ્યારે કોંગ્રેસે 2009માં શૈલેષ પરમાર, 2014માં ઈશ્વર મકવાણા અને 2019માં રાજુ પરમારને આ બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા હતા.





### ભાજપને કોંગ્રેસ અને AAP કરતાં 1.90 લાખ મત વધુ મળ્યા

આ સાતેય વિધાનસભા પર ભાજપને 5.68 લાખ મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસને 2.97 લાખ તેમજ આમ આદમી પાર્ટીને 80 હજાર મત મળ્યા હતા. કોંગ્રેસ અને AAPને મળેલા મતનો સરવાળો 3.77 લાખ થાય છે. આમ, ભાજપને કોંગ્રેસ અને AAP કરતાં 1.90 લાખ મત વધુ મળ્યા હતા.

### મુસ્લિમ મતદારોની સંખ્યા વધુ

આ બેઠકના મતદારોમાં સૌથી વધુ મતદારો મુસ્લિમ છે, જેની સંખ્યા અંદાજે 4.69 લાખ છે. જ્યારે ઓબીસી મતદારો અંદાજે 3.11 લાખ, રાજપૂત-ક્ષત્રિય મતદારો અંદાજે 1.70 લાખ, દલિત મતદારો અંદાજે 1.66 લાખ, વણિક મતદારો અંદાજે 1.62 લાખ, પટેલ મતદારો અંદાજે 1.27 લાખ, બ્રાહ્મણ મતદારો અંદાજે 90 હાજર, ખ્રિસ્તી મતદારો અંદાજે 60 હજાર તેમજ અન્ય જ્ઞાતિના મતદારો અંદાજે 1.64 લાખ છે.

### 2014 કરતાં 2019માં ઓછું મતદાન


અમદાવાદ વેસ્ટ બેઠક પર 2019માં સરેરાશ 61 ટકા મતદાન થયું હતું, જ્યારે 2014માં સરેરાશ 63 ટકા મતદાન થયું હતું. આમ, 2014 કરતાં 2019માં સરેરાશ મતદાન 2 ટકા ઓછું થયું હતું. જ્યારે વર્ષ 2009માં સરેરાશ 48 ટકા મતદાન થયું હતું. 2019માં 64 ટકા પુરુષો અને 56 ટકા મહિલાઓએ મતદાન કર્યું હતું. મહિલાઓની સરખામણીએ પુરુષોનું મતદાન 8 ટકા વધુ હતું.

## માઉન્ટ એવરેસ્ટને સર કરનારી નિશા કુમારીની અપીલ

### રાષ્ટ્રના શિખર પર લોકશાહીનો ધ્વજ ફરફરતો રહે

■ વડોદરા

વડોદરાનું ગૌરવ નિશા કુમારીએ દુનિયાના સર્વોચ્ચ શિખર માઉન્ટ એવરેસ્ટને સર કરીને નારીશક્તિનું ગૌરવ વધાર્યું છે. સાહસિકની સાથે એ સમાજ ઉપયોગી અને રાષ્ટ્રધર્મને વેગ મળે એવી પ્રવૃત્તિઓ સતત કરે છે. લોકસભાની ચૂંટણીઓને અનુલક્ષીને નિશાએ નાગરિકોને એક અનુરોધ નિવેદન કર્યું છે. એણે મતદાન કરીને રાષ્ટ્રના શિખર પર લોકશાહીનો ધ્વજ ફરફરતો રાખવા નમ્ર અપીલ કરી છે. તેણે મતદારોને જણાવ્યું છે કે, ઍટલિસ્ટ એક દિવસ રાષ્ટ્રના નામે ફાળવો. તા.7મી મે ના દિવસે મતદાન છે. સવારના 7થી સાંજના 6 વાગ્યા સુધી મત આપી શકાશે એટલે અચૂક મતદાન કરીને લોકશાહીને મજબૂત કરવામાં અમૂલ્ય યોગદાન અવશ્ય આપજો.



NEWS FILE

### ધર્મેન્દ્રસિંહ વાઘેલા સામે 'બાપુ તો ગીયો'નું સૂત્ર વહેતું થયું




વડોદરાઃ વડોદરા વાઘોડિયા વિધાનસભાની પેટા ચૂંટણીમાં વાઘોડિયા વિધાનસભા મત વિસ્તારના ક્ષત્રિય મતદારોએ ક્ષત્રિય સમાજને પડખે ન રહેનાર ભાજપાના ક્ષત્રિય ઉમેદવારને ઘર ભેગા કરી દેવા માટેનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી બાજુ વાઘોડિયા વિધાનસભાના ભાજપના કેટલાક હોદ્દેદારો અને અગ્રણી કાર્યકરો કામ કરતા ન હોવાની ભડાસ ઠાલવતી રજૂઆત ભાજપ ઉમેદવાર દ્વારા મોવડી મંડળને કરવામાં આવી હોવાનું રાજકીય વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે. લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.

### જોડાણ આપ્યા વિના જ પાણીના મીટરો 40 યુનિટ સુધી ફર્યા

ગાંધીનગર: 24 કલાક પાણી આપવાની યોજના હેઠળ પાણીની નવી પાઈપલાઈન નાંખવાની સાથે દરેક ઘરે મીટરો પણ લગાવી દેવામાં આવ્યા છે. મીટરમાં જેટલા યુનિટ પાણીનો વપરાશ થયો હશે તે મુજબનો દર વસૂલવામાં આવશે. યુનિટ દીઠ પાણીનો જથ્થો અને યુનિટ દીઠ ચાર્જ હજુ નક્કી થયો નથી. પાણી વિતરણની કામગીરી મહાનગરપાલિકા સંભાળશે ત્યારે તેનો ચાર્જ નક્કી કરવામાં આવશે પરંતુ અત્યારે તો ટેસ્ટીંગ દરમિયાન જ લોકોના ઘરે લાગેલા મીટર 40 યુનિટ સુધી ફરી ગયા છે.

### બાંધકામના કામદારોને મતદાન માટે 3 દિવસની સવેતન રજા



ગાંધીનગરઃ અંદાજીત 7 લાખ જેટલાં કામદારો બાંધકામ સાઈટ પર કાર્યરત છે. રિઅલ એસ્ટેટ ક્ષેત્રે કામ કરતાં કામદારોને મતદાનનો લાભ મળી રહે તે માટે બિલ્ડર એસોસિએશન ક્રેડાઈએ બાંધકામ સાઈટના કામદારોને વતનમાં મતદાન કરવા જવા માટે 3થી વધારે દિવસોની સવેતન રજા આપવાનો નિર્ણય લીધો છે. ગુજરાત ક્રેડાઈના સેક્રેટરી સંકેત શાહે આ બાબતે જણાવ્યું હતું કે, જે કામદારો વતનથી 150 કિમીથી વધારે દૂરથી હોઈ તેઓ 1 દિવસમાં પરત ફરી શકે નહીં તેથી તેવા કામદારોને વધુ દિવસની સવેતન રજા આપી છે. શાહીનું નિશાન બતાવશે તેને જ લાભ મળશે

# PM મોદીએ સાબરકાંઠામાં જંગી રેલીને કરી સંબોધિત

« કોંગ્રેસની મહોબ્બતની દુકાનમાં બધુ જ ફેક

### 'મારે તમારું વીજળી-પેટ્રોલનું બીલ ઝીરો કરી દેવું છે, વાતો હવામાં નથી આપણી પાસે યોજના છે'

■ સાબરકાંઠા

લોકસભાની ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. જેમાં બે તબક્કાનું મતદાન થઈ ગયું છે અને આગામી 7મી મેના દિવસે ત્રીજા તબક્કામાં ગુજરાતમાં મતદાન થવાનું છે. ત્યારે રાષ્ટ્રીય પાર્ટીના નેતાઓ પણ પ્રચારમાં જોતરાઈ ગયા છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના સ્થાપના દિવસથી રાજ્યમાં પ્રચારના શ્રી ગણેશ કર્યા છે. ડીસા અને હિંમતનગરમાં બે સભા ગજવીને PM મોદી ઉત્તર ગુજરાતની 4 અને વિજાપુર વિધાનસભાને કવર કરી હતી. ડીસામાં વડાપ્રધાને જાહેર સભા સંબોધી નરેન્દ્ર મોદી હિંમતનગર-તલોદ રોડ પર આમોદરા પાસે સભા સ્થળે પહોંચ્યા હતા. અહીં તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા અને ભાજપને વિજયી બનાવી ત્રીજીવખત મોદી સરકાર બનાવવા લોકોને અપીલ કરી હતી. હિંમતનગરમાં સભા પૂર્ણ કરી PM મોદી બાયરોડ ગાંધીનગર જવા રવાના થયા હતા.

### 'મારે તમારું વીજળી અને પેટ્રોલનું બીલ ઝીરો કરી દેવું છે'



મારે તમારું વીજળી બિલ ઝીરો કરવું છે, પેટ્રોલનું બિલ ઝીરો કરવું છે. વાતો હવામાં નથી આપણી પાસે યોજના છે. પી.એમ સૂર્યજલ અંતર્ગત પૈસા આપે અને તમે સોલારની મદદથી વીજળી પેદા કરો તમારી જેઈએ વાપરો વધારાની સરકાર ખરીદશે અને કમાણી કરો. જમાનો ઈલેક્ટ્રિક વ્હિકલનો અવાનો છે. તમારા ઘરમાં વીજળી છે એનાથી તમારું વાહન ચાર્જ થઈ જાય અને એક રૂપિયાનો ખર્ચ નહીં. આનાથી માધ્યમ વર્ગનું જીવન કેટલું બદલાશે. કોંગ્રેસ ફેક વીડિયો ચલાવે છે એમની વાત કોઈ સાંભળતું નથી એટલે મોદીનો ચહેરો રાખીને જૂઠા વીડિયો વાઈરલ કરે છે. કોંગ્રેસ અને કોંગ્રેસનું ગઠબંધન ફેક છે. પહેલાં અને બીજા ચરણમાં જે મતદાન થયું એનાથી કોંગ્રેસના હોશ ઉડી ગયા છે. મહેસાણાથી હરિભાઈ પટેલ, વિજાપુર સી.જે ચાવડા અને ચાવડા જૂના ખેલાડી છે અને સી. જે ચાવડા અમારી સાથે છે તેનો આનંદ છે. ઉમેદવારને મત આપશે એ મોદીના ખાતાંમાં જશે.

# 'મારા માટે જામસાહેબની આ પાઘડી મોટો પ્રસાદ છે' PM મોદીએ જામ શત્રુશલ્યસિંહજી સાથે મુલાકાત બાદ કહ્યું, 'જામસાહેબ વિજય ભવ કહે પછી એ વિજય નિશ્ચિત થઈ જાય'





જામનગરઃ ગુજરાતમાં ભાજપના પ્રચારની કમાન ખુદ પીએમ મોદીએ સંભાળી છે. ગુજરાતમાં આજે આણંદ, સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં જાહેરસભાને સંબોધ્યા બાદ ચોથી સભા જામનગરમાં સંબોધી. પ્રધાનમંત્રીને સાંભળવા માટે જામનગર શહેર-જિલ્લા ઉપરાંત દેવભૂમિ દ્વારકા અને પોરબંદરથી મોટી સંખ્યામાં લોકો અને ભાજપના કાર્યકર્તાઓ જામનગર પહોંચ્યા હતા. જોકે જામનગરમાં સભાને સંબોધતાં પહેલાં પીએમ મોદીએ જામનગરના જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજા સાથે મુલાકાત કરી હતી. બાપુએ પીએમને પાઘડી પહેરાવી આવકાર્યા હતા.

**લોકસભાની ચૂંટણીનો મહાસંગ્રામ 2024**

# જૂનાગઢ બેઠક 'સોરઠ' તરીકે ઓળખાતી, ભાવનાબેન ચીખલિયા 4 વખત જીત્યાં

**જૂનાગઢઃ દત્ત અને દાતારની ભૂમિ જૂનાગઢ લોકસભા બેઠક પર 1991થી ભાજપનો દબદબો છે. 2004માં કોંગ્રેસના જશુ બારડે સતત 4 વખતથી જીતીને સાંસદ બનનારાં ભાવનાબેન ચીખલિયાને હરાવીને જીત મેળવી હતી, પરંતુ 2009થી આ બેઠક પર સતત ભાજપની જીત થઈ રહી છે. જૂનાગઢ લોકસભા બેઠક પર ભાજપે આ વખતે ઘણા મનોમંથન પછી સિટિંગ સાંસદ રાજેશ ચૂડાસમાને ફરી ટિકિટ આપી છે.**

## જશુ બારડે BJPની જીતનો સિલસિલો અટકાવ્યો, આ વખતે કોંગ્રેસના 'હીરા' ચમકશે

### 1962 પહેલાં સોરઠ બેઠક હતી

વર્ષ 1962માં જૂનાગઢ નામની લોકસભા બેઠક અસ્તિત્વમાં આવી. આ પહેલાં 1951 અને 1957માં સોરઠ લોકસભા બેઠક હતી. 1951 અને 1957માં કોંગ્રેસના નરેન્દ્ર નથવાણી સોરઠ લોકસભા બેઠક પરથી સાંસદ બન્યા હતા.

### ભાવનાબેન ચીખલિયા સૌથી વધુ વખત સાંસદ બન્યાં

જૂનાગઢ લોકસભા બેઠક પર અત્યારસુધીમાં એક જ મહિલા ચહેરો સાંસદ તરીકે ચૂંટાયો છે, જે ભાવનાબેન ચીખલિયા છે. તેઓ 1991થી 1999ની ચૂંટણીમાં સતત ચાર વખત જૂનાગઢના સાંસદ તરીકે ચૂંટાયાં હતાં. 2004માં કોંગ્રેસના જશુ બારડે ભાવનાબેન ચીખલિયાને 40,921 મતોથી હરાવીને તેમની સતત થતી જીત પર બ્રેક મારી હતી.

### જે જીત્યા તે 10 હજારથી વધુની લીડથી જ જીત્યા

સોરઠ અને જૂનાગઢ લોકસભા બેઠક પરથી અત્યારસુધીમાં જે સાંસદ ચૂંટાયા તે 10 હજારથી વધુ મતની લીડથી જ ચૂંટાયા છે. અત્યારસુધીમાં કોઈપણ સાંસદને 10 હજારથી ઓછી લીડ નથી મળી.




### વિધાનસભામાં ભાજપ કરતાં કોંગ્રેસ અને આપને વધુ મત મળ્યા

તમામ 7 વિધાનસભામાં કોંગ્રેસને 3,18,692 અને આમ આદમી પાર્ટીને 2,30,458 મત મળ્યા હતા, જેનો સરવાળો 5,49,150 થાય છે, જ્યારે ભાજપને 5,15,998 મત મળ્યા હતા. જે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને મળેલા કુલ મત કરતાં 33,152 મત ઓછા હતા.

### 2014 કરતાં 2019માં 2 ટકા ઓછું મતદાન

લોકસભા બેઠક પર 3 ચૂંટણીમાં થયેલા મતદાનની વાત કરીએ તો સૌથી વધુ વર્ષ 2014માં 63 ટકા મતદાન થયું હતું. 2019ની ચૂંટણીમાં 61 ટકા મતદાન થયું હતું, જે 2014ની ચૂંટણી કરતાં 2 ટકા ઓછું હતું. 2019ની ચૂંટણીમાં 64 ટકા પુરુષોએ અને 57 ટકા મહિલાઓએ મતદાન કર્યું હતું. પુરુષોની સરખામણીએ મહિલાઓનું મતદાન 7 ટકા ઓછું હતું.

**7 વિધાનસભામાંથી 5 ભાજપ પાસે, 1-1 બેઠક કોંગ્રેસ અને આપ પાસે** જૂનાગઢ લોકસભા બેઠકમાં જૂનાગઢ, વિસાવદર, માંગરોળ, સોમનાથ, તાલાળા, કોડીનાર અને ઉના એમ કુલ 7 વિધાનસભા બેઠક આવે છે, જેમાંથી જૂનાગઢ, માંગરોળ, તાલાળા, કોડીનાર અને ઉના એમ 5 વિધાનસભા બેઠક ભાજપ પાસે છે. જ્યારે સોમનાથ બેઠક પર કોંગ્રેસનો કબજો છે તો વિસાવદર બેઠક પરથી આપના ઉમેદવાર ભૂપત ભાયાણી ધારાસભ્ય બન્યા હતા, પરંતુ તેઓ થોડા સમય પહેલાં જ ધારાસભ્યપદેથી રાજીનામું આપી ભાજપમાં જોડાઇ ગયા હતા.

## મતદાન માટે ટેક્સટાઈલ માર્કેટો 7 મેએ બંધ રહેશે




સુરતઃ લોકસભાની ચૂંટણીમાં સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિન હરીફ જાહેર કરાયા છે. જો કે, શહેરના 14.39 લાખ મતદારો બારડોલી તેમજ નવસારી બેઠક માટે મતદાન કરશે, જેથી મતદાનનો આંકડો વધારવા સુમુલ ડેરીએ ઓફર જાહેર કરી છે, જે મુજબ, સુરત-તાપીના 2.50 લાખ પશુપાલકો મતદાન કર્યા પછી સહીનું નિશાન બતાવશે તો તેમને લિટર દીઠ 1 રૂપિયો વધુ અપાશે. મતદાનના દિવસે શહેરની ટેક્સટાઈલ માર્કેટો સંપૂર્ણપણે બંધ રહેશે. 210 ટેક્સટાઈલ માર્કેટોમાં 70 હજાર દુકાનોમાં ટેક્સટાઈલ પ્રોડક્ટનો વેપાર થાય છે. માર્કેટમાં વેપારીઓ ઉપરાંત અસંખ્ય લોકો રોજગારી મેળવે છે.

## સમર વેકેશનમાં સુરતથી દિલ્હીની વધુ એક ફ્લાઈટ શરૂ




સુરતઃ સમર વેકેશનમાં સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી દિલ્હીની ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. સુરતથી દિલ્હીની વધુ એક ફ્લાઈટમાં પ્રવાસીઓને સિંગલ પીએનઆરનો લાભ મળી રહેશે. જેને લીધે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટના પ્રવાસીઓને લગેજ આમતેમ ફેરવવાની માથાકૂટમાં છુટકારો મળી રહેશે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી સુરતથી દિલ્હી જતી સવારની ફ્લાઈટને ગત વર્ષે બંધ કરી દેવામાં આવી હતી. ગત દિવસોમાં એર ઈન્ડિયા એક્સપ્રેસના અધિકારી સુરત-દુબઈની ફ્લાઈટ શરૂ કરતા પહેલાં સુરત આવ્યા હતા.

# તરસાડીમાં 2 વરસથી તરસી રહ્યું છે આ તળાવ

**24 કરોડના ખર્ચે બનેલું પાણી વગરનું તળાવ**

## જાળવણીના અભાવે તળાવ ખંડેરમાં ફેરવાયું

■ કામરેજ

તરસાડી નગરપાલિકાના લોકોની સુખાકારી અને મનોરંજન માટે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા તળાવ મંજુર કરવામાં આવ્યું હતું, અને આશરે 5 વર્ષના સમયગાળા બાદ વર્ષ 2022માં આ તળાવ તરસાડી નગરના પ્રજાજનો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. પરંતુ માત્ર 2 વર્ષના સમયગાળા માજ તરસાડી નગરના 24 કરોડના ખર્ચે તૈયાર થયેલા તળાવની હાલત બદતર થઈ છે. તળાવ લોકાર્પણ કરવામાં આવ્યું ત્યારથી તળાવમાં પાણી ભરાયું નથી. જેને પગલે તળાવ જંગલમાં ફેરવાઈ ગયું છે અને હવે તળાવ માત્ર તરસાડી નગરના લોકો માટે વોક વે બનીને રહી ગયો છે.



## કરોડોનો ખર્ચ કર્યો પણ પાણી ન ભર્યુ, તંત્રની ઘોર નિષ્ફળતા

તળાવ બનાવતા પહેલા આર એન્ડ બીએ પણ ઉતાવળ કરી હતી, 24 કરોડ રૂપિયા જેટલી માતબર રકમ તળાવ માટે વાપરી નાખી હતી, પરંતુ અંદર પાણી ક્યાંથી લાવવામાં આવશે. એ તપાસ કરવામાં આવી નથી. કોઈ પણ જાતના પૂર્વભ્યાસ વગર પ્રજાના પૈસા વેડફી નાખવા એ હવે સરકારી બાબુઓની આદત બની ગઈ છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે આ તરસાડી નગરના તળાવમાં પાણી આવે છે કે, પછી ખર્ચવામાં આવેલા પૈસા પાણીમાં જશે ? તળાવના બ્યુટીફીકેશન માટે કરોડો રૂપિયા ખર્ચી તળાવની પાળ પર 200થી વધુ બાકડા મુકવામાં આવ્યા હતા. જેમાં મોટા ભાગના બાકડા તૂટી ગયા છે. હાઈમાસ્ટ પોલ અને લાઈટો મુકવામાં આવી છે, પરંતુ એક પણ હાઈમાસ્ટ પોલ કે લાઈટો ચાલુ હાલતમાં નથી. ઠેર ઠેર કચરાના ઢગલા છે, કરોડના ખર્ચે નિર્માણ થયેલ તળાવ ઉકરડામાં ફેરવાઈ ગયું છે. નગરજનો માટે ફૂડ કોર્ટ ઉભા કરવામાં આવ્યા છે.

# જીવમાત્ર પ્રભુને વહાલા છે કારણકે એ એમનું સર્જન છે



## ઋણાનુબંધ

ભાવના પટેલ

નવલકથા - પ્રકરણ - ૩૧

**વચ્ચે**-વચ્ચે તુલસીની સામે નજર પણ કરતા જતા હતા કે, પ્રવચનની એના પર શું અસર થાય છે? તુલસીના મુખ પર થોડીવાર શાંતિ છવાયેલી લાગતી, પરંતુ થોડી જ વારમાં પાછો ઉદ્વેગ ત્યાં પોતાનું સ્થાન જમાવી દે. તુલસીના મોઢા પર પલટાતા ભાવપલટાથી સ્પષ્ટ દેખાતું હતું કે, માં આનંદમયી જે કહી રહ્યા હતા તેનું વિશ્લેષણ તુલસીનું મગજ કરી રહ્યું હતું.

પ્રવચન પત્યું ને ભજનો ચાલુ થયા. એક ભજન પૂરું થયું ત્યાં સુધી મા રોકાયા, પછી ઊભા થઈને પોતાના તંબુમાં જતા રહ્યા.

તુલસીએ એમને જતા જોઈને, નાના બાળકની માફક માસીનો હાથ પકડી લીધો ને બોલી 'માસી, મા તો ચાલ્યા ગયા.'

માસી તુલસીના હાથ પર હાથ મુકતા બોલ્યા 'એમનું કામ પૂરું થયું, હવે ભજનમાં ઈ નો રોકાય.'

'તો આપણે મળવાનું ક્યારે?'

'થાશે-થાશે દિકરી હંધુય. તારી હામે જોતાતાને, એમની નજરમાંથી કાંય છટકે નહીં.'

હજુ આ વાર્તાલાપ પૂરો પણ નહોતો થયો, ત્યાં જ એક ભગવા કપડાં પહેરેલી સાધ્વી તુલસીની પાસે આવીને બોલી 'જય ભોલે, મા તમને અંદર બોલાવે છે.'

આ સાંભળીને તુલસીએ માસીનો હાથ પકડી લીધો અને હરખથી બોલી 'ચાલો માસી..' એ સાધ્વીએ કહ્યું 'તમને એકલાને જ અંદર બોલાવે છે.'

તુલસી અસમંજસથી એમની સામે જોઈ રહી, પછી માસી સામે જોયું. એટલે માસી બોલ્યા 'તી જઈ આવ બેટા, મા પાહે એકલા જવામાં વળી શેની ફિકર. જા જઈ આવ ને તારે જે પૂછવું હોય ઈ પૂછી લેજે.'

તુલસી ઉભી થઇ ને એ સાધ્વીની પાછળ ચાલવા લાગી.

મોટો વિશાળ તંબુ હતો. જાણે મોટો ઓરડો જ જોઈ લો... પડદી ઉંચી કરીને સાધ્વીએ તુલસીને અંદર જવાનું કહ્યું. તુલસી અંદર ગઈ એટલે સાધ્વીએ ફરી એ પડદી ઢાળી દીધી.

તુલસીએ અંદર જોયું તો, મા આનંદમયી એક આસન પર બેઠેલા હતા. એમની સામે હવનકુંડી હતી. એમાંથી ધ્રુમશેર નીકળી રહી હતી.

હવનકુંડીની બંને બાજુ બે મોટી મીણબત્તી સ્ટેન્ડમાં ખોસેલી હતી અને તેનો પ્રકાશ આખાયે તંબુમાં રેલાયેલો હતો. હવનકુંડીની એક બાજુ મા બેઠા હતા અને એની સામેની બાજુ એક ખાલી આસન હતું.

માદવભર્યા, મમતાભર્યા સ્વરમાં મા બોલ્યા 'આવ દીકરી, આ આસન ગ્રહણ કર.'

તુલસી આસન સુધી આવી પછી કેડેથી ઝૂકીને માને પગે લાગીને બોલી 'જય ભોલે.'

'જય ભોલે' નો પ્રતિસાદ આપતા માએ આશીર્વાદ આપતો હાથ ઉંચો કર્યો.

તુલસી આસન પર બેઠી. મા થોડીવાર તુલસીનું નિરીક્ષણ કરી રહ્યા. સાવ સાદી સાડી, એકપણ ઘરેણાં વગરનું શરીર, લાંબા વાળનો વાળેલો ચોટલો. ના ચાંદલો, ના કાજલ. પચ્ચીસેક વરસની લાગતી છોકરી આવી હોય?

મા મૃદુ હસીને બોલ્યાં 'દીકરી તારું નામ શું છે?'

તુલસી પણ સામે અછડતું હસીને બોલી 'તુલસી.'

'કેટલું સરસ નામ છે. કૃષ્ણની કેટલી બધી પ્રિય. તુલસી વગર તો એ કશું આરોગે જ નહીં.'

'દરેક તુલસી કંઈ ભગવાનને પ્રિય નથી હોતી મા.'



'એવું તને કોણે કહી દીધું કે તું પ્રભુને પ્રિય નથી? જીવમાત્ર પ્રભુને વહાલાં છે. કારણ કે એ એમનું સર્જન છે.પોતાનું સર્જન ભલા કોઈને વહાલુ કેમ ના હોય?'

'જો પ્રભુને જીવમાત્ર વહાલા છે તો પછી એ આટલા બધા, સહન ના કરી શકાય એવા દુઃખ શા કાજે આપે છે?'

મા થોડા હસી પડ્યા ને પછી બોલ્યાં 'તે કદી કોઈ માને કડવી દવા પોતાના બાળકને પીવડાવતી જોઈ છે?'

'હા મા જોઈ જ નથી એ કર્યું પણ છે. હું એક મા છું, મારે એક દીકરી છે.'

'તો-તો તું મારી વાત વધારે સારી રીતે સમજી શકીશ. બાળક ચીસો પાડતું હોય, આડા હાથ દેતું હોય, રડતું હોય તોયે બે પગ વચ્ચે દબાવીને કેવી રીતે પીવડાવતી હોય છે! એકપણ ટીપુ ઢોળાઈ ના જાય એવી દરકાર રાખીને. કારણ?

માને ખબર છે કે દવા કડવી જરૂર છે. પરંતુ એ બાળક માટે ગુણકારી છે. એનો સ્વાદ ભલેને ના ભાવે તેવો હોય મારી વાત બરાબર છે ને.'

તુલસીએ ડોકું હલાવીને હા પાડી. એટલે માએ આગળ ચલાવ્યું.

'એ જ રીતે એ પરમપિતાને ખબર છે કે હું દુઃખ આપીશ, તો જીવને કષ્ટ તો પડવાનું જ છે .એ કષ્ટ એ જોશે તો જ એને કર્મનું ગણિત સમજાશે. અને જ્યારે એને કર્મનું ગણિત પૂરેપૂરું સમજાઈ જશે ત્યાર પછી જ જીવની મોક્ષ તરફ ગતિ શરૂ થશે.

જેવા કર્મ કરશો એવું ફળ મળવાનું છે. તેથી ખરાબ કર્મ કરવાથી બચો, કોઈને હેરાન ના કરો. આજે હું જે હેરાનગતિ ભોગવું છું તો કંઈક મારા હાથે ખરાબ કર્મ થઈ ગયા હશે. જો હવે મારે દુઃખ નથી જોઈતું તો આજથી હું સંકલ્પ કરું કે કોઈ જ ખરાબ કર્મ કરીશ નહીં. જ્યારે આવો વિચાર આવે છે, ત્યારથી મોક્ષનો દરવાજો ખુલી જાય છે અને ધીમે-ધીમે કર્મોને સુલટાવતા જ્યારે બધો હિસાબ સરભર કરી દો છો ત્યારે મોક્ષને પામો છો.

જો પ્રભુ ખરાબ કર્મો માટેય દુઃખ નહી આપતા, તો આંખ ઉઘડતી કેવી રીતે? કર્મનું ગણિત સમજાતું કેવી રીતે? દુઃખ નહીં મળતા ખરાબ કર્મો ચાલુ જ રાખતા ને! જો ખરાબ કર્મો ચાલુ જ રાખતા તો મોક્ષ કઈ રીતે મળતો? આ જન્મ-મરણના વિષચક્રમાંથી છુટકારો ક્યારે થતો?

તું જ કહે હવે થોડું દુઃખ આપીને પ્રભુ આપણને કડવી દવા પીવડાવે છે કે નહીં?'

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

દિવસ આનંદદાયક રહેશે. મહત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત બાદ લાભદાયક યોજનાઓ પણ બનશે. સાસરિયાઓ સાથેના સંબંધો મજબૂત બનશે. અટવાયેલા પૈસા પાછા મળવાની સારી સંભાવના છે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા પણ જરૂરી છે. વધુ વિચાર કરવાથી કેટલીક સિદ્ધિઓ ખોવાઈ શકે છે. ઘણું કામ હશે.

### વૃષભ



(બ.વ.ઉ)

તમારી યોજનાઓને કાર્યમાં પરિવર્તિત કરવા માટે આજનો સમય ઉત્તમ છે. નાણાકીય રોકાણ સંબંધિત કામ માટે આ સાનુકૂળ સમય છે. આ પ્રવૃત્તિઓ ભવિષ્યમાં ફાયદાકારક રહેશે. વિદ્યાર્થીઓ માટે શિસ્તબદ્ધ અને ગૌરવપૂર્ણ દિનચર્યા જાળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. બેદરકારીના કારણે આ લોકો પોતાના લક્ષ્યથી ભટકી શકે છે.

### મિથુન



(ક.છ.ઘ)

સમય અનુકૂળ છે. તમારા કાર્યોને આયોજનબદ્ધ રીતે ગોઠવતા રહો. કોઈપણ મુશ્કેલ કાર્ય આજે ઉકેલી શકાય છે. જમીન કે વાહનની ખરીદી સંબંધિત યોજનાઓ બનશે. તમારી કાર્યશૈલી અને વર્તનની પ્રશંસા થશે. કોઈ સંબંધી સાથે વિવાદની સ્થિતિ વધી શકે છે. સમસ્યાનું સમાધાન કરવું વધુ સારું છે. પૈતૃક સંપત્તિ સંબંધિત બાબતો તમને પરેશાન કરશે.

### કર્ક



(ડ.હ)

કોઈ અનુભવી વ્યક્તિની મદદ અને સલાહથી તમને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળવાથી રાહત મળશે. તમારું સકારાત્મક વલણ અને વિચાર તમને ઘર અને વ્યવસાય વચ્ચે સુમેળ જાળવવામાં મદદ કરશે. સારી તકોનો સમયસર ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરો. વાતચીત કરતી વખતે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરો.

### સિંહ



(મ.ટ)

મહેનત કરવાનો સમય છે. તમને તમારા પ્રયત્નોનું યોગ્ય પરિણામ ચોક્કસપણે મળશે. કેટલાક મહત્વપૂર્ણ લોકો સાથે સંગત થવાથી તમને નફાકારક કરારો મળશે. યુવાનો તેમના અભ્યાસ અને કારકિર્દી માટે ગંભીર પ્રયાસો કરશે. ક્યારેક તમે અંગત રીતે એકલતા અનુભવશો. તમારી જાતને વ્યસ્ત રાખવી એ આનો સાચો ઈલાજ છે.

### કન્યા



(પ.ઠ.ણ)

તમે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો અને મોટાભાગના કામ સમયસર પૂરા થશે. જો પ્રોપર્ટીના ખરીદ-વેચાણ સંબંધિત કોઈ કાર્યવાહી ચાલી રહી છે, તો તેને અમલમાં મૂકવાનો આ યોગ્ય સમય છે. ધાર્મિક કાર્યો પણ થશે. પરંતુ ટૂંક સમયમાં તેનો ઉકેલ પણ મળી જશે. બીજાની ટીકા કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં.

### તુલા



(ર.ત)

તમે જે સુખ-શાંતિ જોઈ રહ્યા હતા તે પૂર્ણ થશે. જેના કારણે મન ખુશખુશાલ રહેશે. કેટલાક નવા કામની રૂપરેખા પણ બની શકે છે. તમે તમારી કાર્યક્ષમતા દ્વારા અપેક્ષા કરતા વધુ પરિણામો પ્રાપ્ત કરશો. બાળકોની નકારાત્મક પ્રવૃત્તિઓને નજરઅંદાજ કરવાને બદલે તેમના પર નક્કર નિર્ણયો લો. નાણાકીય બાબતોમાં તાણ અનુભવાશે.

### વૃશ્ચિક



(ન.ય)

કોઈ સારા સમાચાર મળવાથી પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. વિશ્વાસુ વ્યક્તિની સલાહ અને સમર્થન તમને તમારી ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવામાં મદદ કરશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ પણ વધશે. દિનચર્યામાં સમય પ્રમાણે બદલાવ લાવવો વધુ સારું રહેશે. લોકો સાથે વાતચીત કરતી વખતે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરો.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે, તમારી દિનચર્યાને વ્યવસ્થિત રીતે અમલમાં મુકો. પ્રવાસ સંબંધિત કેટલાક કાર્યક્રમ બનશે અને આ પ્રવાસમાં સુખદ અનુભવ થશે. પારિવારિક કે મિલકતના કેટલાક મામલાઓ જટિલ બની શકે છે. શાંતિથી સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો. બાળકની કોઈપણ નકારાત્મક પ્રવૃત્તિને કારણે તમે ચિંતિત થઈ શકો છો.

### મકર



(ખ.જ)

સાનુકૂળ સમયનો યોગ્ય ઉપયોગ કરો. પ્રોપર્ટી સંબંધિત ચાલી રહેલા કોઈપણ વિવાદનો ઉકેલ આવશે અને નિર્ણય પણ તમારા પક્ષમાં આવશે. પરસ્પર સંબંધોમાં પણ સુધારો થશે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. શાંતિ મેળવવા માટે અધ્યાત્મ કે ધ્યાન કરવું એ યોગ્ય ઉપાય છે. ઘરના વડીલોના માર્ગદર્શનને અવશ્ય અનુસરો.

### કુંભ



(ગ.સ.શ.ષ)

લાભદાયક યોજનાઓ બનશે અને અમલમાં પણ આવશે. તમારા સંપર્કઓને મજબૂત બનાવો. નજીકના સંબંધીઓ સાથેની મુલાકાતથી આનંદદાયક વાતાવરણ બનશે. ક્યારેક તમારા વિચારોની સંકુચિતતા પરિવારના સભ્યોને પરેશાન કરી શકે છે. વેપારમાં કોઈ નવું કામ શરૂ થવાની સંભાવના છે. ધનલાભની નવી સંભાવનાઓ પણ સર્જાશે.

### મીન



(દ.ચ.ઝ.થ)

નાણા સંબંધિત કોઈપણ પ્રવૃત્તિ અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે અને વધુ સારા પરિણામો પણ પ્રાપ્ત થશે. આજે તમે તમારા રૂટિન લાઈફમાં થોડો બદલાવ લાવવાનો પ્રયાસ કરશો. તમે કંઈક નવું કરવાનું વિચારશો. તમે તમારી અંદર નવી ઉર્જાનો પ્રભાવ અનુભવશો. કોઈ પણ લેવડ-દેવડ કરતી વખતે સાવધાની રાખવાની જરૂર છે.



# રિચા ચઢ્ઢાના ઘરે જુલાઈમાં ગુંજશે બાળકની કિલકારી

## ‘હીરામંડી’નું પ્રમોશન પૂરું થતાં જ તે કામમાંથી બ્રેક લેશે

■ મુંબઈ

રિચા ચઢ્ઢાએ ફેબ્રુઆરીમાં તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ દ્વારા પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. હાલ સમાચાર આવી રહ્યા છે કે, રિચા જુલાઈમાં પોતાના પહેલા બાળકને જન્મ આપશે. આ દિવસોમાં રિચા પ્રેગ્નેન્ટ હોવા છતાં સિરીઝ ‘હીરામંડી’નું સતત પ્રમોશન કરી રહી છે. પ્રમોશન પૂરું થતાં જ તે તેના બાળક પર ધ્યાન કેન્દ્રિત કરશે. હાલમાં એક રિપોર્ટ અનુસાર, રિચા ચઢ્ઢા સાથે સાથે જોડાયેલા એક સોર્સને ટાંકીને લખ્યું છે કે, ‘હીરામંડી’ના પ્રમોશન બાદ રિચા ચઢ્ઢા તેના આવનારા બાળક અને તેના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરશે. તે પોતાનો સમય સ્ક્રિપ્ટ વાંચવામાં અને પ્રોડક્શન લેવલના પ્રોજેક્ટ્સ પર કામ કરવામાં પસાર કરશે. જુલાઈમાં બાળકને જન્મ આપ્યા બાદ તે કામ પર પરત ફરશે.

## ફેબ્રુઆરીમાં સો. મીડિયાથી જાહેરાત કરી હતી

‘ફુકરે’ એક્ટ્રેસ રિચા ચઢ્ઢાએ 4 ઓક્ટોબર, 2022ના રોજ લખનૌમાં અભિનેતા અલી ફઝલ સાથે લગ્ન કર્યા હતા. લગ્નના 2 વર્ષ બાદ આ વર્ષે ફેબ્રુઆરીમાં રિચા ચઢ્ઢા અને અલી ફઝલે તેમના ફેન્સ સાથે સારા સમાચાર શેર કર્યા હતા. એક તસવીરમાં 1+1=3 લખેલું હતું અને બીજી તસવીરમાં રિચા અને અલી સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા. ‘દિલનો એક નાનો ધબકાર એ અમારા વિશ્વનો સૌથી મોટો અવાજ છે.’

**રિચા ચઢ્ઢા પાસે ઘણા મોટા પ્રોજેક્ટ છે** રિચા ચઢ્ઢાની સિરીઝ ‘હીરામંડી’ આજે 1 મેના રોજ Netflix પર આવી ગઈ છે. આ સિરીઝમાં તે લજ્જોના રોલમાં છે. સંજય લીલા ભણસાલીની આ સિરીઝમાં રિચા ચઢ્ઢાની સાથે મનીષા કોઈરાલા, અદિતિ રાવ હૈદરી જેવા ઘણા મોટા કલાકારો લીડ રોલમાં જોવા મળશે.

## રિચા-અલી 2012થી એકબીજાને ઓળખે છે


રિચા અને અલીની પહેલી મુલાકાત 2012માં ફિલ્મ ‘ફુકરે’ના સેટ પર થઈ હતી. રિપોર્ટ્સ અનુસાર, રિચાએ જ અલીને પ્રપોઝ કર્યું હતું. અલીએ રિચાના પ્રસ્તાવનો જવાબ આપવામાં ત્રણ મહિનાનો સમય લીધો હતો. બંનેએ લગભગ 5 વર્ષ સુધી પોતાના સંબંધોને ગુપ્ત રાખ્યા હતા. બંનેએ ‘વિક્ટોરિયા’ અને ‘અબ્દુલના’ વર્લ્ડ પ્રીમિયરમાં તેમના ગુપ્ત સંબંધોને સત્તાવાર બનાવ્યા હતા. રિચા અને અલીએ માર્ચ 2020માં કોર્ટ મેરેજ કર્યા હતા. આ પછી બંનેએ રીતિ-રિવાજ પ્રમાણે લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો.

# ‘રામાયણ’માં કૈકેયી બનવા પર લારાએ આપ્યું રિએક્શન

## ‘આ ફિલ્મમાં કામ કરવા કોણ નહીં ઇચ્છતું હોય’

■ નવી દિલ્લી

એક્ટ્રેસ લારા દત્તા આ દિવસોમાં તેની આગામી સિરીઝ ‘રણનીતિ : બાલાકોટ એન્ડ બિયોન્ડ’ માટે ચર્ચામાં છે. એક ઈન્ટરવ્યૂમાં લારાએ નિતેશ તિવારીની ‘રામાયણ’માં કૈકેયીના રોલની અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. આવા સમાચાર પર પ્રતિક્રિયા આપતા કહ્યું, ‘તમારી જેમ હું પણ આ ઘણું સાંભળી રહી છું.’ હું અફવાઓ પર ધ્યાન નથી આપતી. કોણ એવું હશે જે રામાયણનો ભાગ બનવા માગતું નહી હોય? જો મને ઑફર કરવામાં આવી હોત, તો એવા ઘણા રોલ છે જે નિભાવવા મને ગમશે. તેમણે હસતાં હસતાં કહ્યું- શૂર્પણખા, મંદોદરી, હું આ બધાના રોલ નિભાવવા માગીશ. ‘ઈન્ડિયન એક્સપ્રેસ’ સાથે વાત કરતી વખતે તેમણે જણાવ્યું કે, તેને અનીસ બઝમીની ફિલ્મ ‘નો એન્ટ્રી’માં બે રોલ ઑફર કરવામાં આવ્યા હતા, જેમાં એક બિપાશાએ નિભાવ્યો હતો અને એક લારાએ નિભાવ્યો હતો. લારાએ કહ્યું, ‘મેં એક શંકાશીલ પંજાબી પત્નીનો રોલ પસંદ કર્યો કારણ કે તે રોલ હું જે છું તેનાથી સંપૂર્ણપણે અલગ છે.



# જાહ્નવી અને વરુણની ફિલ્મમાં સાન્યા મલ્હોત્રાની એન્ટ્રી

## દુલ્હનિયા સિરીઝની બની રહી છે ત્રીજી ફિલ્મ

■ મુંબઈ

વરુણ ધવન અને જાહ્નવી કપૂરની ફિલ્મ ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’માં સાન્યા મલ્હોત્રાની પણ એન્ટ્રી થઈ છે. જોકે તેની ભૂમિકા વિશે વધારે વિગતો મળી નથી. સાન્યા જાહ્નવીની સમાંતર હિરોઈન તરીકે હશે કે તે અન્ય ભૂમિકા ભજવસે તે હજુ જાણવા મળ્યું નથી. મૂળ વરુણ અને આલિયાની દુલ્હનિયાં સીરીઝના ત્રીજા ભાગ તરીકે આ ફિલ્મ બનાવાઈ રહી છે. નિર્માતા કરણ જોહરની ગોઠવણ અનુસાર જ ફિલ્મમાંથી આલિયાની બાદબાકી કરી તેની સ્થાને જાહ્નવીને કાસ્ટ કરવામાં આવી છે. હવે સાન્યા મલ્હોત્રાને પણ આ ફિલ્મથી મોટી તક મળી છે. ફિલ્મનું શૂટિંગ મુંબઈ અને રાજસ્થાન ઉપરાંત વિદેશમાં પણ થવાનું છે. આ રોમાન્ટિક કોમેડી હશે તેમ કહેવાય છે. ફિલ્મનું દિગ્દર્શક શશાંક ખૈતાન કરી રહ્યો છે.



# શ્રદ્ધા કપૂર અને બોયફ્રેન્ડ રાહુલ મોદી સહ નિર્માતા બનશે

## રાહુલની સ્ટોરી પસંદ આવી, પ્રોજેક્ટ વિચારણામાં

■ મુંબઈ

શ્રદ્ધા કપૂર અને બોયફ્રેન્ડ લેખક રાહુલ મોદી સાથે મળીને એક ફિલ્મ બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યાં છે. મૂળ આ ફિલ્મ રાહુલે એકલાએ પ્રોડ્યૂસ કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ, હવે શ્રદ્ધા પણ આ પ્રોજેક્ટમાં સહ નિર્માતા તરીકે જોડાય તેવી સંભાવના છે. શ્રદ્ધા અને રાહુલ વચ્ચે લાંબા સમયથી ડેટિંગ ચાલેછે. તાજેતરમાં શ્રદ્ધા બોયફ્રેન્ડના નામનો નેકલેસ ધારણ કરીને એક ઈવેન્ટમાં આવી હતી અને આ રીતે તેણે પોતાના સંબધો ઓફિશિયલ કર્યા હતા. રાહુલની લખેલી ફિલ્મ ‘તુ જુઠી મૈ મક્કાર’માં શ્રદ્ધાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી અને ત્યારથી બંને પ્રેમમાં પડયાં હતાં. રાહુલ આ પહેલાં ‘પ્યાર કા પંચનામા ટૂ’ તથા ‘સોનુ કે ટીટ્ટુ કી સ્વીટી’ સહિતની ફિલ્મો લખી ચૂક્યો છે. શ્રદ્ધાને રાહુલની નવી ફિલ્મની વાર્તા પસંદ આવી છે. આ ફિલ્મમાં તે પોતે મુખ્ય ભૂમિકા ભજવવાની છે.



# T20 વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત, પંત-હાર્દિકનું કમબેક

## ગુજરાતના ચાર ક્રિકેટરને પણ મળ્યું સ્ક્વોડમાં સ્થાન

■ નવી દિલ્લી

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આજે T20 વર્લ્ડ કપ માટે ક્રિકેટ ટીમની જાહેરાત કરી છે, જેમાં ટીમમાં ગુજરાતના ચાર ક્રિકેટરોને સ્થાન અપાયું છે. આ ટીમનું નેતૃત્વ પણ ફરી રોહિત શર્માને જ સોંપવામાં આવ્યું છે. આ સાથે રિષભ પંતને વિકેટ કીપર તરીકે સામેલ કરવામાં આવ્યો છે. T20 વર્લ્ડકપ માટેની ટીમમાં રોહિત શર્માને કેપ્ટન બનાવાયો છે. જ્યારે તેની સાથે વાઈસ કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યાને યથાવત્ રખાયો છે. બીજી બાજુ યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, રિષભ પંત (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટ કીપર), શિવમ દુબે, હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યજુવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજનો સમાવેશ કરાયો છે. આ સાથે રિઝર્વ ખેલાડી તરીકે શુભમન ગિલ, રિંકુ સિંહ, ખલીલ અહેમદ અને આવેશ ખાનનો સમાવેશ કરવામાં આવ્યો છે.



### હાર્દિકને મોટી જવાબદારી, કોણ-કોણે ચોંકાવ્યાં ?

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI) એ લાંબી ચર્ચા અને મંથન બાદ ટીમની જાહેરાત કરી હતી. ચીફ સિલેક્ટર અજિત અગરકરના નેતૃત્વ હેઠળની નેશનલ સિલેક્શન કમિટીએ અનેક ખેલાડીઓના નામ પર ચર્ચા કરી હતી. છેવટે 15 ખેલાડીઓના નામ ફાઈનલ કરાયા હતા. જેમાં હાર્દિક પંડ્યા જે હાલમાં IPLમાં ખરાબ ફોર્મમાં દેખાઈ રહ્યો છે તેનો પણ સમાવેશ કરાયો હતો અને આ સાથે તેને મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. તેને ટીમનો વાઈસ કેપ્ટન જાહેર કરાયો છે.




### કોને કોને ન મળ્યું સ્થાન...?

જે ખેલાડીઓને T20 વર્લ્ડકપની ટીમમાં સ્થાન નથી મળ્યું તેમાં સૌથી ટોચે નામ છે કે.એલ. રાહુલનું. જ્યારે મોહમ્મદ શામી જે ઈજાને કારણે આઈપીએલમાં પણ રમી શક્યો નથી તેનું પણ આ યાદીમાં નામ સામેલ નથી. આ સાથે દિનેશ કાર્તિકના નામની પણ ચર્ચા થઈ રહી હતી. પરંતુ હવે તેને પણ આ ટીમમાં સ્થાન ન મળતાં ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે.

### ગુજરાતના ચાર ખેલાડીને ટીમમાં સ્થાન

T20 વર્લ્ડકપ માટેની ટીમમાં ગુજરાતના જે ચાર ખેલાડીઓને સ્થાન મળ્યું છે, તેમાં હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, રવિન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહનો સમાવેશ થાય છે. હાર્દિક, અક્ષર અને જાડેજાને ઓલરાઉન્ડર ખેલાડી તરીકે જ્યારે બુમરાહને બોલર તરીકે સ્થાન અપાયું છે. હાર્દિક T20 વર્લ્ડ કપમાં પણ વાઈસ કેપ્ટનની ભૂમિકા ભજવશે. હાર્દિક મુંબઈ ઈન્ડિયન્સ (MI)ની કેપ્ટનશીપ કરી રહ્યો છે. સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલને પણ તેમના સારા પ્રદર્શન માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

## T20 વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયાની ટીમની જાહેરાત

### સ્ટાર ખેલાડીનું પત્તું કપાયું, મિચેલ માર્શને કેપ્ટનશીપ સોંપાઈ

■ કેનબેરા

મંગળવારે સાંજે આઈસીસી મેન્સ T20 માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે આજે ઓસ્ટ્રેલિયાની ટીમે પણ પોતાના ટીમની જાહેરાત કરી દીધી છે. ઓસ્ટ્રેલિયાને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને વનડે વર્લ્ડ કપ જીતાડનાર કેપ્ટન પેટ કમિન્સની જગ્યાએ મિચેલ માર્શને કેપ્ટનની જવાબદારી સોંપવામાં આવી છે.

આ સ્ટાર ખેલાડીની બાદબાકી

આ વર્ષે જૂન મહિનામાં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં આઈસીસી મેન્સ T20 વર્લ્ડ કપ (ICC Men's T20 world cup 2024)નું આયોજન થવાનું છે. આઈસીસી ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયન ટીમનું તાજેતરનો દેખાવ શાનદાર રહ્યો છે. જ્યાં ઓસ્ટ્રેલિયન ટીમે વર્ષ 2023માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને ODI વર્લ્ડ કપ જીત્યો હતો.



## NEWS FILE

### ઋતુરાજ સાથે પક્ષપાત કરાયો, ગિલ ફોર્મમાં નથી છતાં ટીમમાં પૂર્વ સ્ટાર ક્રિકેટરનો આરોપ

મુંબઈઃ ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર બેટ્સમેન કૃષ્ણમાચારી શ્રીકાંતે આગામી ટી20 વર્લ્ડ કપ 2024 માટે ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડની અવગણનાને લઈને BCCI પર નિશાન સાધ્યું છે. ઋતુરાજ ગાયકવાડ વર્તમાન IPL સિઝનમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોની લિસ્ટમાં સામેલ છે, પરંતુ તેમ છતાં તેને વર્લ્ડ કપ ટીમમાં સ્થાન મળ્યું નથી. આ સાથે જ શ્રીકાંત શુભમન ગિલને રિઝર્વ ખેલાડીઓની યાદીમાં સામેલ કરવાને લઈને ખુશ નથી. શ્રીકાંતે ટીમ મેનેજમેન્ટ પર પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો છે કહ્યું કે ગિલને ત્યારે પણ તક મળતી રહે છે, જ્યારે તે કોઈ ફોર્મમાં સારુ પ્રદર્શન કરી રહ્યો ન હોય. શ્રીકાંતે પોતાની યુટ્યૂબ ચેનલ પર એક વીડિયોમાં કહ્યું, ‘શુભમન ગિલ સંપૂર્ણ રીતે આઉટ ઓફ ફોર્મ છે પરંતુ તેને ટીમમાં કેસ પસંદ કરવામાં આવ્યો છે. તેમાં કોઈ શંકા નથી કે ઋતુરાજ ગાયકવાડ એક સ્થાનના હકદાર છે. તેણે 17 ઈનિંગમાં 500થી વધુ રન બનાવ્યાં છે. આ સિવાય તેણે ઓસ્ટ્રેલિયાની સામે સદી પણ ફટકારી છે.

### ઋતુરાજ ગાયકવાડે રચ્યો ઈતિહાસ, આવી સિદ્ધિ હાંસલ કરનારો પહેલો કેપ્ટન બન્યો



ચેન્નઈઃ ચેન્નઈ સુપર કિંગ્સે પોતાના હોમ ગ્રાઉન્ડ પર પંજાબ કિંગ્સ સામે 7 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો છે. ભલે આ મેચમાં CSKને હાર મળી પરંતુ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે 62 રનની ઈનિંગ રમીને એક રેકોર્ડ લિસ્ટમાં સ્થાન બનાવ્યું છે. ઋતુરાજ ગાયકવાડે આ દરમિયાન મહેન્દ્ર સિંહ ધોનીને પાછળ છોડી દીધો છે. ઋતુરાજ ગાયકવાડ આ સિઝનમાં ધમાકેદાર પ્રદર્શન કરી રહ્યો છે. ચેન્નઈનો કેપ્ટન અત્યાર સુધી લીગની વર્તમાન સિઝનમાં 10 મેચમાં 63.63ની સરેરાશથી 509 રન બનાવી ચૂક્યો છે. ગાયકવાડે આ દરમિયાન એક સદી અને ચાર અડધી સદી ફટકારી છે. પંજાબ કિંગ્સ સામે પોતાની અડધી સદીની ઈનિંગ બાદ ચેન્નઈ સુપર કિંગ્સ માટે કેપ્ટન તરીકે એક સિઝનમાં સૌથી વધુ રન બનાવનારો ખેલાડી બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ મહેન્દ્ર સિંહ ધોનીના નામે હતો.

# ભારતીય પુરુષ ટીમે તીરંદાજી વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો

■ ઓલિમ્પિક ચેમ્પિયન કોરિયાને હરાવ્યું, 14 વર્ષ બાદ મેન્સ રિકર્વ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

■ નવી દિલ્લી

તીરંદાજીમાં ભારતીય રિકર્વ મેન્સ ટીમે 14 વર્ષ પછી તીરંદાજી વર્લ્ડ કપમાં ટોચની ક્રમાંકિત દક્ષિણ કોરિયાની ટીમને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ચીનના શાંઘાઈમાં તીરંદાજી વર્લ્ડ કપ સ્ટેજ-1 રમાઈ રહ્યો છે. તરુણદીપ રાય, ધીરજ બોમ્માદેવરા અને પ્રવીણ જાધવની પુરુષ ટીમે ભારત માટે ગોલ્ડ જીત્યો હતો.આ ત્રિપુટીએ ફાઈનલમાં કોરિયાની ઓલિમ્પિક ચેમ્પિયન ટીમને 5-1થી હાર આપી હતી. તીરંદાજીમાં, સેટ જીતવા માટે બે પોઈન્ટ મળે છે. પહેલો સેટ 57-57 થી બરાબર રહ્યો હતો. તેથી, બંને ટીમને 1-1 પોઈન્ટ મળ્યો હતો.

### માતા બન્યા બાદ દીપિકા કુમારીએ કમબેક કર્યું, સિલ્વર મેડલ જીતી લીધો




ડિસેમ્બર 2022માં માતા બન્યા બાદ દીપિકા કુમારી પ્રથમ વખત વર્લ્ડ ટુર્નામેન્ટમાં પરત ફરી અને વ્યક્તિગત ઈવેન્ટમાં સિલ્વર જીત્યો. દીપિકાએ ક્વાર્ટર ફાઈનલમાં કોરિયન જિયોન હુન્યોંગને 6-4થી હરાવ્યું, ત્યારપછી સેમિફાઈનલમાં અન્ય કોરિયન સુહ્યોનને 6-0 (29-28, 29-27, 28-26) થી હરાવી. ટાઈટલ મેચમાં દીપિકા એ જ દેશની ચેમ્પિયન લિમ સિહ્યોન સામે 6-0 (27-26, 29-27, 28-27)થી હારી ગઈ હતી. અંકિતા ભક્ત અને ધીરજની મિક્સ ડબલ્સની જોડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ટીમે બ્રોન્ઝ મેડલના મુકાબલામાં મેક્સિકન જોડીને 6-0થી હરાવી હતી. આ જીત સાથે ભારતે વર્લ્ડ કપ સ્ટેજ 1માં 5 ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ જીત્યો છે.

### કોવિશિલ્ડ બનાવનારી કંપની એસ્ટ્રાઝેનેકાએ કરી ચોંકાવનારી જાહેરાત

# ભારત બાયોટેકે કહ્યું - કોવેક્સિન સલામત છે, ભારતમાં ટ્રાયલ થયેલી એકમાત્ર રસી

## લોકોની સુરક્ષા અમારી પ્રાથમિકતા હતી: કંપની

■ નવી દિલ્લી

કોરોના વેક્સિન કોવિશિલ્ડ પર ઉઠી રહેલા સવાલો વચ્ચે કોવેક્સિન મેન્યુફેક્ચરિંગ કંપની ભારત બાયોટેકએ કહ્યું છે કે અમારી વેક્સિન સુરક્ષિત છે. તેને બનાવતી વખતે અમારી પ્રથમ પ્રાથમિકતા લોકોની સુરક્ષા હતી અને બીજી પ્રાથમિકતા રસીની ગુણવત્તા હતી. ભારત બાયોટેકે સોશિયલ મીડિયા સાઈટ X પર એક પોસ્ટમાં આ વાત કહી છે. કંપનીએ કહ્યું કે ભારત સરકારના કોવિડ-19 રસી કાર્યક્રમમાં કોવેક્સિન એકમાત્ર રસી હતી, જેની ટ્રાયલ ભારતમાં કરવામાં આવી હતી. કંપનીના જણાવ્યા અનુસાર લાયસન્સ મેળવવાની પ્રક્રિયાના ભાગરૂપે, 27 હજાર લોકો પર કોવેક્સિનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેને ક્લિનિકલ ટ્રાયલ મોડ હેઠળ મર્યાદિત ઉપયોગ માટે લાઈસન્સ આપવામાં આવ્યું હતું, જ્યાં તેનું હજારો લોકો પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. હકીકતમાં, કોવિશિલ્ડને લઈને એક વિવાદ ચાલી રહ્યો છે કે કેટલાક કિસ્સાઓમાં તેનો ઉપયોગ થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ એટલે કે TTSનું કારણ બની શકે છે. આ રોગને કારણે શરીરમાં લોહી ગંઠાઈ જાય છે અને પ્લેટલેટ્સની સંખ્યા ઘટી જાય છે. સ્ટ્રોક અને હાર્ટ બીટ ફેલ્યોર જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. બ્રિટિશ હાઈકોર્ટમાં સબમિટ કરવામાં આવેલા દસ્તાવેજોમાં કંપનીએ સ્વીકાર્યું છે કે તેની કોરોના વેક્સિન થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ એટલે કે કેટલાક કિસ્સાઓમાં TTSનું કારણ બની શકે છે. આ રોગને કારણે શરીરમાં લોહીની ગંઠાઈ જાય છે અને પ્લેટલેટ્સની સંખ્યા ઘટી જાય છે.




### ભારત બાયોટેકે કહ્યું - કોવેક્સિનને કારણે કોઈ રોગનો કોઈ કેસ નોંધાયો નથી

કંપનીએ કહ્યું કે દેશના આરોગ્ય મંત્રાલય દ્વારા કોવેક્સિનની સલામતીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કોવેક્સિનના ઉત્પાદનથી લઈને વહીવટ સુધી તેની સલામતીનું સતત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કોવેક્સિનની ટ્રાયલ સાથે સંબંધિત તમામ અભ્યાસો અને સલામતી અનુવર્તી પ્રવૃત્તિઓથી કોવેક્સિનનો ઉત્તમ સલામતી રેકોર્ડ સામે આવ્યો છે. અત્યાર સુધી કોવેક્સિનના સંબંધમાં લોહી ગંઠાઈ જવા, થ્રોમ્બોસાયટોપેનિયા, TTS, VITT, પેરીકાર્ડિટિસ, મ્યોકાર્ડિટિસ જેવા રોગોના કોઈ કેસ નોંધાયા નથી.

### બ્રિટિશ કંપની એસ્ટ્રાઝેનેકાની રસીના ફોર્મ્યુલા પર આધારિત છે

**કોવિશિલ્ડ** પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટે દેશમાં સૌપ્રથમ કોરોના વેક્સિન બનાવી હતી. તેને કોવિશિલ્ડ નામ આપવામાં આવ્યું હતું. તેની ફોર્મ્યુલા બ્રિટિશ ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાની કોવિડ-19 વેક્સિનમાંથી લેવામાં આવી છે. તાજેતરમાં, એસ્ટ્રાઝેનેકાએ બ્રિટિશ કોર્ટમાં સ્વીકાર્યું કે તેમની કોવિડ-19 વેક્સિનની ખતરનાક આડઅસર થઈ શકે છે. જો કે, આ ખૂબ જ દુર્લભ કિસ્સાઓમાં જ થશે. બ્રિટિશ મીડિયા ટેલિગ્રાફના અહેવાલ મુજબ, એસ્ટ્રાઝેનેકા પર તેમની વેક્સિનના કારણે ઘણા લોકોના મોતનો આરોપ છે. બીજા ઘણાને ગંભીર બીમારીઓનો સામનો કરવો પડ્યો. કંપની વિરુદ્ધ હાઈકોર્ટમાં 51 કેસ ચાલી રહ્યા છે. પીડિતોએ એસ્ટ્રાઝેનેકા પાસેથી લગભગ 1 હજાર કરોડ રૂપિયાના વળતરની માગ કરી છે.

### સિરમ ઈન્સ્ટીટ્યુટે ભારતમાં 2021માં રાહતના સમાચાર આપ્યા હતા

બ્રિટિશ હાઈકોર્ટમાં સબમિટ કરવામાં આવેલા દસ્તાવેજોમાં કંપનીએ સ્વીકાર્યું છે કે તેની કોરોના વેક્સિન થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ એટલે કે કેટલાક કિસ્સાઓમાં TTSનું કારણ બની શકે છે. આ રોગને કારણે શરીરમાં લોહીની ગંઠાઈ જાય છે અને પ્લેટલેટ્સની સંખ્યા ઘટી જાય છે. આ પછી, ભારતમાં કોવિશિલ્ડ પર પણ પ્રશ્નો ઉભા થયા. કોરોના વેક્સિન કોવિશિલ્ડની તપાસ માટે બુધવારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. એવું કહેવામાં આવ્યું છે કે કોવિશિલ્ડની આડઅસરોની તપાસ કરવા માટે નિષ્ણાત પેનલ બનાવવા માટે સૂચનાઓ જારી કરવી જોઈએ.

# જમ્મુની ચિનાબ ખીણમાં ઉત્તરાખંડ જેવી સ્થિતિ સર્જાઈ

### જમીન ધસવા પાછળ પહાડો પર મોટા પ્રોજેક્ટ જવાબદાર


■ રામબન

જમ્મુ-કાશ્મીરની ચિનાબ ખીણનો 120 કિમીનો વિસ્તાર ધસી રહ્યો છે. દરરોજ જમીન એક ઈંચથી અડધા ફૂટ સુધી સરકી રહી છે. તેનું તાજું ઉદાહરણ રામબન છે, જ્યાં ગયા શુક્રવારે 800 મી. વિસ્તારમાં જમીન ધસતાં 70 ઘર નાશ પામ્યા હતા. અહીં વસવાટ કરતાં 400 લોકોને અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા હતા. પાણી અને વીજ સપ્લાય છેલ્લા સાત દિવસથી ઠપ છે. ખીણમાં એક વર્ષમાં ત્રણ જિલ્લા ડોડા, રામબન અને કિશ્તવાડમાં જમીન ધસવાની છ ઘટનાઓ બની હતી. 900થી વધુ ઘરોમાં તિરાડો પડી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં જમીન ધસવાના બે કારણો સામે આવ્યા છે. એક- અહીં ચાલી રહેલાં લગભગ 25 કરોડ રૂપિયાના ચાર પ્રોજેક્ટ. બીજું- ડોડા અને કિશ્તવાડ વિસ્તાર ભૂકંપ ઝોન-4માં છે.



## NEWS FILE

### 'હરાજી વિના સ્પેક્ટ્રમની ફાળવણી નહીં': સુપ્રીમ કોર્ટ




નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રારે હરાજી વિના અમુક સ્પેક્ટ્રમની ફાળવણી કરવાની પરવાનગી માગતી કેન્દ્રની અરજીને ફગાવી દીધી હતી. સરકારે 22 એપ્રિલે સુપ્રીમ કોર્ટના 2012ના આદેશ પર સ્પષ્ટતા માંગતી અરજી દાખલ કરી હતી. કોર્ટ રજિસ્ટ્રારે કહ્યું કે સરકાર સ્પષ્ટતા માંગવાના આડમાં આદેશની સમીક્ષા માંગી રહી છે. આ ખોટું છે. વિચાર માટે કોઈ યોગ્ય કારણ નથી. અરજીમાં સરકારે 2જી કેસમાં નિર્ણયની સ્પષ્ટતા કરવાની વિનંતી કરી હતી. એવું પણ કહેવામાં આવ્યું હતું કે 2012નો નિર્ણય અમુક સંજોગોમાં જાહેર હરાજી સિવાયના માધ્યમો દ્વારા સ્પેક્ટ્રમ ફાળવણીને પ્રતિબંધિત કરતું નથી.

### ઈન્ડોનેશિયામાં 14 દિવસમાં છટ્ઠી વખત જ્વાળામુખી ફાટ્યો

જકાર્તાઃ ઈન્ડોનેશિયાના માઉન્ટ રુઆંગમાં મંગળવારે જ્વાળામુખી ફાટ્યો હતો. વિસ્ફોટ બાદ સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓએ આગામી આદેશો સુધી એરપોર્ટ બંધ રાખવા સૂચના આપી છે. રુઆંગની આસપાસના વિસ્તારમાં રહેતા 11 હજાર લોકોને સલામત સ્થળે મોકલી દેવામાં આવ્યા છે. તેમજ પાંચ કિલોમીટરના અંતરમાં કોઈને જવા દેવામાં આવતા નથી. વિસ્ફોટ બાદ ચારેબાજુ અંધકાર છવાઈ ગયો હતો. તે પછી વીજળી પડી અને ભૂકંપના આંચકા અનુભવાયા, જેના કારણે બારીઓ તૂટી ગઈ.

### ચીનમાં વરસાદના કારણે હાઈવે ધરાશાયી, 34ના મોત



બેઈજિંગઃ સાઉથ ચીનના ગુઆંગડોંગ પ્રાંતમાં બુધવારે (1 મે) ના રોજ ભારે વરસાદને કારણે નેશનલ હાઈવે S12 નો એક ભાગ તૂટી ગયો હતો. આ અકસ્માતમાં 34 લોકોના મોત થયા છે અને 30થી વધુ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત મેઈઝોઉ હિલ પાસે સવારે 2 વાગ્યે થયો હતો, જેમાં રસ્તાની એક લેન 18 મીટર સુધી તૂટી ગઈ હતી. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, હાઈવે તૂટી જવાને કારણે 54થી વધુ લોકોને લઈ જઈ રહેલા 20 વાહનો નીચે પડી ગયા હતા. ઘટનાની માહિતી મળતાં જ 500 રાહતકર્મીઓએ બચાવ કાર્ય હાથ ધર્યું હતું. ચીન સરકારે આ મામલે તપાસના આદેશ આપ્યા છે.

# ચંદ્રના ખાડાઓમાં પાણીનો બરફ « ISROએ નવી સ્ટડીમાં મોટો દાવો કર્યો, માનવ જીવનને શોધવામાં સૌથી વધુ મદદ મળશે


### ભવિષ્યના લુનાર મિશનમાં મહત્વપૂર્ણ ફાયદો થશે

■ નવી દિલ્લી

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ ચંદ્ર પરના ખાડાઓમાં પાણીનો બરફ હોવાનો દાવો કર્યો છે. IIT કાનપુર, યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયા, જેટ પ્રોપલ્શન લેબ અને IIT (ISM) ધનબાદના રિસર્ચર્સની મદદથી સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC)/ISROના વૈજ્ઞાનિકો દ્વારા આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

ISROએ જણાવ્યું હતું કે, ISPRS જર્નલ ઓફ ફોટોગ્રામેટ્રી એન્ડ રિમોટ સેન્સિંગમાં પ્રકાશિત અભ્યાસ દર્શાવે છે કે સપાટીથી થોડા મીટર નીચે બરફનું પ્રમાણ સપાટી કરતાં 5 થી 8 ગણું વધારે છે. ભારતનું ચંદ્રયાન-3 અવકાશયાન ચંદ્ર પર પહોંચતા પહેલા જ અંતરિક્ષમાં કાટમાળ અને ઉપગ્રહ સાથે અથડાવાથી નાશ પામ્યું હોત. તેનાથી બચવા માટે ઈસરોના વૈજ્ઞાનિકોએ લોન્ચિંગમાં 4 સેકન્ડનો વિલંબ કર્યો હતો. ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથે હાલમાં ઈન્ડિયન સ્પેસ સિચ્યુએશનલ એસેસમેન્ટ રિપોર્ટ (ISSAR) 2023 બહાર પાડ્યો છે.

### બરફની શોધ ભવિષ્યના ચંદ્ર મિશનમાં મદદરૂપ થશે



ઈસરોએ કહ્યું છે કે આ માહિતી ભવિષ્યના મિશનમાં બરફના નમૂનાઓ એકત્રિત કરવા અથવા ચંદ્ર પર માનવોની લાંબા સમયની હાજરી માટે ખોદકામ કરવામાં મદદ કરશે. બરફની ઊંડાઈના આધારે, તે ભવિષ્યના ચંદ્ર મિશનના લેન્ડિંગ માટે યોગ્ય સ્થાન અને યોગ્ય નમૂના એકત્રિત કરવા માટે પણ મદદ કરશે. ઈસરોએ આ અભ્યાસ દ્વારા એવો પણ દાવો કર્યો છે કે ચંદ્રના નોર્થ પોલમાં બરફનું પ્રમાણ સાઉથ પોલ કરતા બમણું છે. 2008માં મોકલવામાં આવેલા ચંદ્રયાન મિશન દરમિયાન, એવી આગાહી કરવામાં આવી હતી કે ચંદ્રની સપાટી પર પાણીનો બરફ હશે. ચંદ્રયાન 2ના ડ્યુઅલ ફ્રીક્વન્સી સિન્થેટિક એપરચર રડાર ઈન્સ્ટ્રુમેન્ટના ધ્રુવીય મેટ્રિક રડાર ડેટામાં પણ આવો જ દાવો કરવામાં આવ્યો હતો.